# પ્રજ્ઞા

## સપ્તરંગી પ્રવૃત્તિઓ



**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાધીનંગર.

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે,સૌ આગળ વધે

# પ્રસ્તાવના

જીવનમાં દરેક વ્યક્તિને એકથી વધારે રંગો પસંદ હોય છે. રંગોની પસંદગી પરથી વ્યક્તિની રુચિ અને તેના મનોવલણ વિશે ખ્યાલ મેળવી શકાય છે. આવું જ કંઈક બાળકોની બાબતમાં જોવા મળે છે. બાળક સતત બદલાતા વિચારો સાથે જીવતું હોય છે. તેના માનસપટ પર તાજી છાપ કાયમ માટેના અનુભવો છોડી જાય છે. અધ્યયન પ્રક્રિયામાં બાકી રહેલ જિજ્ઞાસાઓ કાર્યના માધ્યમથી સંતોષવા માટે પ્રવૃત્તિ સાથે અધ્યયન પ્રક્રિયા જોડી ભાર વગરના શિક્ષણ માટે સપ્તરંગી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે.

સાત ક્ષેત્રની વિવિધ પ્રવૃત્તિઓને સપ્તરંગમાં ઢાળવામાં આવેલ છે. આ ક્ષેત્રોને આપણે ટૂંકમાં 'જાનીવાલીપીનારા' તરીકે ઓળખીશું. જાનીવાલીપીનારા એટલે,

**૧. જાતે કરીએ**
**૨. નીખરીએ**
**૩. વાદ-સંવાદ**
**૪. લીન રહીએ**
**૫. પીછાણીએ**
**૬. નાટક-નાટક**
**૭. રાગ-રાગીણી**

ઉપરોક્ત સાત ક્ષેત્રોની દસ મુખ્ય પ્રવૃત્તિઓમાં પાંચ-પાંચ પેટા પ્રવૃત્તિઓ મળીને કુલ ૩૫૦ જેટલી પ્રવૃત્તિઓ વર્ષભર માટે બાળક સામે પસંદગીના ક્ષેત્રો તરીકે રહે છે. ધોરણ ૧ થી ૪ના અભ્યાસ દરમ્યાન અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને સર્જનાત્મકતાનો અવકાશ આપે છે. ચાર વર્ષ દરમ્યાન બાળક શિક્ષકની મદદથી શક્ય હોય તેટલી પ્રવૃત્તિઓ આનંદ સાથે શીખવાનો પ્રયત્ન કરશે. અહીં શિક્ષકે એ બાબતને ખાસ ધ્યાન પર લેવી કે પસંદ કરેલી પ્રવૃત્તિ વિદ્યાર્થીની પોતાની હોવી જોઈએ નહીં કે શિક્ષક સોંપેલી.

અહીં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થી પાસે કરાવતા પહેલાં તેના હેતુઓ અને કાળજીરૂપ બાબતો ખાસ વાંચી સમજી પછી જ પ્રારંભ કરાવવી અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ કોઈ સમયનો વ્યય કરવા માટે અથવા બાળકોને માત્ર મનોરંજનનો આશય પુરો પાડવાનો નથી. પરંતુ તેનો સહસંબંધ અન્ય પ્રવૃત્તિઓ સાથે ખૂબજ મજબૂતીથી જોડાયેલ છે.

ઉદા. ક્ષેત્ર-૫માં પીછાણીએની પ્રથમ પ્રવૃત્તિ સ્પર્શમાં આપેલ ઠંડુ-ગરમ, કઠણ-નરમ, લીલું-સુકુ, લીસુ-ખરબચડું, આ ચાર પેટા પ્રવૃત્તિઓ પર્યાવરણ વિષયની છે. જ્યારે પેટા પ્રવૃત્તિ પાંચ 'આહાર' ગણિત વિષય સાથે સંબંધ ધરાવે છે. તેવી જ રીતે સપ્તરંગી પ્રવૃત્તિના મોડ્યુલમાં આપેલ તમામ પ્રવૃત્તિઓ ગણિત, પર્યાવરણ, ગુજરાતી અને સર્જન બીજા વિષયો સાથે પુરક રીતે જોડાયેલ છે.

શિક્ષક વિદ્યાર્થી ગમે તે પ્રવૃત્તિ પસંદ કરે એ પહેલા તેનો ક્યા કાર્ડમાં અભ્યાસ ચાલી રહ્યો છે. તે ખાસ ચકાસવો. શક્ય હોય ત્યાં સુધી વિદ્યાર્થી પોતાના અધ્યયન કાર્ડમાંના વિષયવસ્તુને સલગ્ન કોઈ પ્રવૃત્તિ કરે તે ઈચ્છનીય છે. વર્ગમાં પ્રવૃત્તિ દરમ્યાન વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીની મદદ લે છે. તે ઈચ્છનીય છે. પરંતુ બીજાની સંપૂર્ણ મદદથી પ્રવૃત્તિ પુરી કરે તે સર્જનાત્મકતાને હાનીકારક સાબીત થશે. શિક્ષક વિદ્યાર્થીને પ્રવૃત્તિની પસંદગીમાં તથા તેને અનુરૂપ સર્જનનિર્માણમાં સૂચન કરે તે વર્ગકાર્યની પ્રથમ શરત હશે.

# હેતુઓ

પ્રજ્ઞા અંતગર્ત સપ્તરંગી પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને જ્ઞાન માટે પ્રવૃત્તિઓનો આધાર આપવામાં આવેલ છે. પરંતુ આ જ્ઞાનાત્મક પ્રવૃત્તિઓ સાથે કેટલાક વિશેષ હેતુઓ પણ જોડાયેલા છે. જે આ મુજબ છે.

- વિદ્યાર્થી સમૂહમાં કામ કરતાં શીખે.
- વિદ્યાર્થી પોતાનાં રસ, રુચિ મુજબ પ્રવૃત્તિ કરે.
- વિદ્યાર્થીની કલ્પનાશક્તિ, સર્જનશક્તિનો વિકાસ થાય.
- વિદ્યાર્થીમાં ચપળતા, સ્ફુર્તિલાપણું અને આત્મવિશ્વાસમાં વધારો થાય.
- વિદ્યાર્થીમાં ખેલદિલી, વફાદારી, સાહસિકતા, સંપ અને સહકાર જેવા ગુણોનો વિકાસ થાય.
- વિદ્યાર્થી આસપાસના પર્યાવરણ વિશે પ્રાથમિક સમજ મેળવે તથા તેના વિશે સભાનતા કેળવે.
- વિદ્યાર્થી સર્જનના આનંદનો અનુભવ પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થી સમૂહ સાથે મૈત્રી, સંઘભાવના, શિસ્ત અને બંધુત્વની ભાવના વિકસાવે.
- વિદ્યાર્થી વિવિધ લાગણીઓને સમજી આવેગો પર નિયંત્રણ કરતાં શીખે.
- વિદ્યાર્થીની અવલોકન શક્તિનો વિકાસ થાય.
- વિદ્યાર્થી સ્વચ્છતા પ્રત્યે સભાન બની સફાઈ કરતાં શીખે.
- વિદ્યાર્થી જીવન વ્યવહારની પ્રવૃત્તિ કરતાં શીખે.
- વિદ્યાર્થી સહજ રીતે જીવન કૌશલ્યોની સમજ પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થી વ્યક્તિગત સ્વચ્છતા અને આરોગ્ય વિશે સભાનતા કેળવે.
- વિદ્યાર્થીની શ્રવણ-કથન શક્તિનો વિકાસ થાય.
- વિદ્યાર્થીમાં પડેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય.
- વિદ્યાર્થી પર્યાવરણમાં રહેલ ચીજવસ્તુઓ, પદાર્થો, વૃક્ષો, નદી, પર્વત, ડુંગર, પશુ, પંખી, જીવજંતુઓ, ફળ, ફૂલ, જંગલ, ખેતર, વાડી, મેદાન, ઢોળાવ, રણવિસ્તાર, દરિયાકિનારાનો પરિચય મેળવે.
- વિદ્યાર્થી આસપાસ બનતા બનાવ કે ઘટનાઓનું અવલોકન કરે.
- વિદ્યાર્થી કુદરતી ઘટનાક્રમ અને આફતો સામે સંરક્ષણાત્મક જીવન જીવતાં શીખે.
- વિદ્યાર્થી અન્ય ભાષાનું શ્રવણ-કથન કરવાની સમજ પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થી વડીલો પ્રત્યે આદરભાવ રાખવાની સમજ કેળવે.
- વિદ્યાર્થી વિવિધ સ્વાદ, આકાર, રંગ, ગંધ વિશે જાણકારી મેળવે.

# કાળજીરૂપ બાબતો

સપ્તરંગી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને સહાય મળે છે. પરંતુ શિક્ષકે એ પણ ધ્યાનમાં રાખવાનું રહેશે કે વિદ્યાર્થી જે તે પ્રવૃત્તિ કઈ રીતે કરે છે અને તે પ્રવૃત્તિના માધ્યમ દ્વારા તે શું શીખી શક્યો છે ? પ્રવૃત્તિ દરમિયાન શિક્ષકે કેટલીક ધ્યાનમાં રાખવા જેવી બાબતો યાદ રાખવી પડશે. આ બધી બાબતો તેમણે કાળજીપૂર્વક વિદ્યાર્થી સાથેના આંતરવ્યવહારમાં, આત્મસાત્ કરવી પડશે. આ કાળજીરૂપ બાબતો નીચે મુજબ છે.

- પ્રવૃત્તિ દરમિયાન ઉપલબ્ધ સ્થાનિક સામગ્રીનો ઉચિત ઉપયોગ કરાવવા માટે શિક્ષકે પૂર્વ આયોજન કરવું પડશે.
- વિદ્યાર્થીએ પસંદ કરેલી પ્રવૃત્તિ માટે શિક્ષકે તેને વારંવાર પ્રોત્સાહિત કરી તે પ્રવૃત્તિના જૂથની તમામ પ્રવૃત્તિઓમાંથી પસાર થાય તે માટે સતત પ્રેરણા પૂરી પાડવી.
- વિદ્યાર્થી પોતાની પસંદગીથી કરવા ઈચ્છતો હોય તે પ્રવૃત્તિ માટેનાં સાધનોની ગોઠવણી વ્યક્તિગત માર્ગદર્શન આપીને કરાવવી.
- વિદ્યાર્થીઓ એક જ જૂથની બધી પ્રવૃત્તિઓ કરવા ન ઈચ્છતા હોય તો તેને આ પ્રકારની છૂટ સાહજિક રીતે આપવી.
- પ્રવૃત્તિ દરમિયાનનો સમયગાળો ધીરજ માંગી લે તેવો હોય છે. તેથી શિક્ષકે પ્રવૃત્તિ કરી રહેલા બાળકને અધીરાઈથી બીજી કોઈ પ્રવૃત્તિ કરવા માટે ઉતાવળ ના કરાવવી.
- કેટલીક પ્રવૃત્તિમાં સહાયક સામગ્રીના એકત્રીકરણ માટે સ્વાભાવિક રીતે સમય લાગશે. જેથી કરીને વિદ્યાર્થી તે પ્રવૃત્તિ અધૂરી છોડી બીજી પ્રવૃત્તિનો પ્રારંભ ના કરે તેની ખાસ કાળજી લેવી.
- સપ્તરંગી પ્રવૃત્તિમાં ઉપયોગી તમામ સહાયક સામગ્રી વિદ્યાર્થીને પોતાના સ્થાનિક પર્યાવરણમાંથી નિઃશુલ્ક ઉપલબ્ધ થતી હોય તેવી છે. જેથી આ પ્રવૃત્તિઓ માટે અન્ય કોઈ ખર્ચ કરવાનો આવતો નથી.
- એક જ પ્રવૃત્તિમાં એકથી વધુ વિદ્યાર્થીઓનો સમૂહ એકત્ર ના થાય તેની ખાસ કાળજી રાખવી.
- શિક્ષકે વિદ્યાર્થીની પસંદ કરેલ પ્રવૃત્તિ માટે સહાયકર્તાની વિશિષ્ટ ભૂમિકા વારંવાર ભજવવાની રહેશે.
- શિક્ષકે વિદ્યાર્થીની નિર્માણાધીન કૃતિઓને ''ડિસ્પ્લે એરિયા''માં સમયાંતરે મૂકવાની તથા બદલવાની રહેશે.
- વર્ગખંડમાં બેસી કે શાળા પરિસરમાં કરવાની થતી પ્રવૃત્તિમાં બાળકો પર ધ્યાન (કાળજીપૂર્વકનું અવલોકન) રાખવાનું રહેશે.
- વિદ્યાર્થીએ કરેલ પ્રવૃત્તિની કૃતિ તેના ઘરે કુટુંબીજનોને બતાવવા માટે લઈ જવા દેવી.
- શિક્ષકે બાળકના વાલીને સમયાંતરે વર્ગ મુલાકાત માટે બોલાવી તેના બાળકની સિદ્ધિઓની જાણ કરવી.

નીચે જેવી કેટલીક પ્રવૃત્તિઓ વ્યક્તિગત ન કરાવવી જેવી કે....

૧) પપેટ નિર્માણ

૨) શ્રવણ-કથન (હિન્દી અને અંગ્રેજી)

૩) અભિવ્યક્તિ

૪) પાત્ર પરિચય

૫) પ્રસંગ વર્ણન

૬) દિન ઉજવણી

૭) સાંસ્કૃતિક કાર્યક્રમ

૮) બાલસભા

૯) ચિત્ર વર્ણન

૧૦) સ્થળ વર્ણન

૧૧) શાળા ઉજવણીઓ

૧૨) પર્યટન-ઉજાણી

૧૩) નાટક - નાટક (આખા વિભાગની તમામ પ્રવૃત્તિઓ)

૧૪) રાગ-રાગીણી (આખા વિભાગની તમામ પ્રવૃત્તિઓ)

આ પ્રવૃત્તિઓને વ્યક્તિગત કરાવવાથી પ્રવૃત્તિનો સમૂહ આનંદ છિનવાઈ જતો હોય છે બીજૂ કે આ પ્રવૃત્તિ વખતે અન્ય વિદ્યાર્થીઓની કે સમૂહની જરૂર પડતી હોય છે.

વિદ્યાર્થીએ પસંદ કરેલ તમામ પ્રવૃત્તિઓમાં અન્ય સાધન-સામગ્રી કે ચીજવસ્તુઓની જરૂર પડે જ એવી માન્યતાને દૂર કરવી.

સપ્તરંગી પ્રવૃત્તિઓ દ્વારા બાળક પોતાનામાં રહેલી કળાને યોગ્ય રીતે વિકસાવી શકે છે. એ હેતુ ધ્યાને રાખીએ તો બાળકમાં એવી ઘણીબધી સુષુપ્ત શક્તિઓ હોય છે, જેને ખીલવવામાં આવે તો તે કોઈ એકાદ-બે કળામાં નિપૂણતા પ્રાપ્ત કરી શકે છે. આ સિવાય પણ બાળક ખુલ્લે મને રમે, ભમે, ફરે, કિલ્લોલ કરે તો જ તે પ્રફુલ્લિત રહી શકે.

સપ્તરંગી પ્રવૃત્તિઓમાં બાળકની શક્તિઓને ધ્યાનમાં રાખીને અનેકવિધ પ્રવૃત્તિઓ આપી છે. બાળકને જે પ્રવૃત્તિમાં વધારે રસ પડશે તે પ્રવૃત્તિ ઉત્સાહથી કરશે અને તે પ્રવૃત્તિમાં આગળ વધશે. તદ્ઉપરાંત અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને અહીં, પ્રવૃત્તિઓ આપેલ હોવાથી બાળકને અધ્યયન પ્રક્રિયામાં મદદરૂપ થશે. અહીં, શિક્ષકે વર્ષ દરમ્યાન શકય હોય તેટલી વધારે પ્રવૃત્તિઓ કરાવવી જ જોઈએ.

# જાતે કરીએ

આ વિભાગમાં ચીટક, માટી, કાગળ, છાપ, સંગ્રહ, તરાહ પ્રવૃત્તિ, તોરણ, મહોરાં, કટીંગ્સ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિભાગમાં કાગળ, પેન્સિલ, કલર, દોરો, ગુંદર જેવી સામાન્ય ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરવાનો રહે છે. વિદ્યાર્થી આ વિભાગની પ્રવૃત્તિ કરતી વખતે શિક્ષકની મદદ લે એ સ્વાભાવિક છે. વિદ્યાર્થીને આ વિભાગમાં જાતે નાવિન્યપૂર્ણ રીતે કોઈ પ્રવૃત્તિ કરવી હશે તો તેની સ્વતંત્રતા સંપૂર્ણપણે રહેશે. આ વિભાગની કુલ ૫૦ પ્રવૃત્તિઓનું અલગ જગ્યાએ નિદર્શન થાય, જે તે વિદ્યાર્થીએ બનાવેલ કૃતિને પ્રોત્સાહન મળે તેવા વિશેષ પ્રયત્નો શિક્ષકે હાથ ધરવા અત્યંત જરૂરી છે.

# નીખરીએ

આ વિભાગની ૫૦ પ્રવૃત્તિઓ માટે કાગળ, ગુંદર, કાતર અને રંગોની જરૂર પડશે. શિક્ષકે જૂની ટપાલ ટિકિટો, ડ્રોની ટિકિટ્સ, પૂંઠાં અને ચિત્રકામનાં સરળ સાધનો મેળવી આપવાનાં રહેશે. વિદ્યાર્થીએ પૂર્વ આયોજનથી ઘરેથી વસ્તુઓ લાવવાની રહેશે. શિક્ષકે આ પ્રવૃત્તિનો સમયગાળો લાંબો રાખવાનો રહેશે કારણકે સરળ પ્રવૃત્તિનાં સાધનો પણ મુશ્કેલીથી ઉપલબ્ધ થતાં હોય છે. અહીં વિદ્યાર્થી પોતાની કૃતિ બતાવશે તો પ્રોત્સાહિત કરવાનું તથા યોગ્ય રીતે પ્રદર્શિત કરવાનું આપણે ભૂલીશું નહી.

# વાદ-સંવાદ

**શ્રવણ કથન હિન્દી તથા અંગ્રેજીમાં :**

શિક્ષકે પહેલાં શ્રવણ અનુભવ પૂરા પાડવા ત્યારબાદ બાળકો સાથે કથન કરવું. અભિવ્યક્તિમાં હાવભાવ આવે તેવા પ્રયત્નો કરવા. પ્રસંગવર્ણનમાં બાળકોની કલ્પનાશક્તિનો વિકાસ થાય તેવાં વર્ણનો કરવા તથા કરાવવાં. દિન ઉજવણીમાં બધાં જ બાળકોને બધી જ પ્રવૃત્તિમાં સાંકળવાં. બાલસભામાં શિક્ષક માર્ગદર્શક તરીકે રહેશે. આખી બાલસભામાં બાળકો દ્વારા જ પ્રવૃત્તિ થાય તેવું આયોજન કરવું. જ્યાં ચિત્ર બતાવવાનું હોય ત્યાં સ્થાનિક પર્યાવરણમાં, પાઠ્યપુસ્તકમાં ઉપલબ્ધ હોય તેવાં ચિત્રો બતાવવાં. દરેક પ્રવૃત્તિની સામે ઉપયોગી સામગ્રીની યાદી બનાવેલ છે. તે મુજબ પ્રવૃત્તિનું આયોજન કરવું.

# લીન રહીએ

આ વિભાગમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં બાળકોની વયકક્ષા મુજબ જાતે ડેમોસ્ટ્રેશન આપી પ્રવૃત્તિમાં જોડવા. શાળા સુશોભનમાં ગ્રુપ પાડીને પ્રવૃત્તિમાં જોડવાં, પગ લૂછણિયાની પ્રવૃત્તિમાં પહેલાં તે કેવી રીતે બને છે તે સમજાવવું, ત્યારબાદ પગ લૂછણિયાં બનાવી વર્ગખંડમાં મૂકવાં. પ્રાથમિક સારવાર પેટીનું બરોબર નિદર્શન કરાવી વસ્તુના ઉપયોગની સમજ આપવી. ખોયાપાયા વિભાગનું બોક્ષ બનાવી તેમાં ખોવાયેલ વસ્તુ મળી જાય તે ત્યાં મૂકવી. તેનું માર્ગદર્શન બરાબર આપવું. શિષ્ટાચારની પ્રવૃત્તિઓમાં એવા વાતાવરણનું નિર્માણ કરવું કે અનુકરણથી જ બાળકો શીખે. દરેક બાળકનો સર્જનાત્મક વિકાસ થાય તે માટે પૂંઠા, કાગળ, માટીની પ્રવૃત્તિ વિગત મુજબ કરાવવી.

# પીછાણીએ

આ વિભાગમાં બાળકે કેટલીક વસ્તુઓ જોવાની છે. તેના સ્પર્શ, સ્વાદ અને ગંધની અનુભૂતિ કરવાની છે. ક્યાંક તેનું વર્ગીકરણ, નિરીક્ષણ, સરખામણી કરવાની છે. કેટલાંક સ્થળોની મુલાકાત અને પર્યટને જવાનું છે. ક્યાંક ઉજાણી કરવાની છે, તો ક્યાંક પઝલ કે પ્રદર્શન ગોઠવવાનું છે ત્યારે કેટલીક બાબતોનો ખ્યાલ રાખવો પડશે. જેમ કે-

- વધારે પડતી ગરમ થયેલ વસ્તુ પસંદ કરવામાં ના આવે.
- ખરબચડી કે લીસી સપાટીવાળા પદાર્થો શાળા પર્યાવરણમાંથી પસંદ કરવાના છે. જેમાં બાળકને ક્યાંય વાગી ના જાય તેની કાળજી રાખવી. મુલાકાત અને પર્યટન વખતે પ્રવૃત્તિ પહેલાં અને પ્રવૃત્તિ પછીનું અનુક્રમે પૂર્વતૈયારી (જાણકારી) અને અનુકાર્ય કરવાનું રહેશે.
- પઝલ બાળકને જાતે કરવા દેવાની અને જરૂર પડે તો જ મદદ કરવાની.
- સ્વાદ માટે એવી કોઈ વસ્તુ પસંદ કરવી નહીં જેથી બાળકના આરોગ્યને નુકશાન થાય.
- તૈયાર કરેલા નમૂનાઓ ડિસ્પ્લે બોર્ડ ઉપર ગોઠવવાનું જરૂરી છે.

# નાટક-નાટક

આ વિભાગ ગીત, વાર્તા, બાળનાટક, અભિનય, ઉખાણાં, વગેરે દ્વારા બાળકમાં વક્તૃત્વ, સંવાદ, અભિનય, વેશભૂષા ધારણ કરવાની કલા વગેરે વિકસવાનાં છે.

- પ્રાણી, પક્ષી, વૃક્ષ, ઋતુ, વ્યવસાયકારોનાં જોડકણાં, ગીત, વાર્તાઓ-બોધકથાઓ માટે શિક્ષકે શાળા પુસ્તકાલયનો ઉપયોગ કરવો.
- બાળકને જો પશુ-પંખીના અવાજનો, વ્યવસાયકારોના વ્યવસાયનો તાલની રમતનો વગેરે અભિનય ના આવડે તો શિક્ષકે શીખવવો.
- બાળક સંવાદ કરે તેવા નાનકડા સંવાદ લખીને આપવાં.
- બાળકો જાણતા હોય તેવી ચિત્ર વાર્તાઓ પસંદ કરવી. જો બાળક આ વાર્તા જાણતો ના હોય તો શિક્ષકે બાળકને કહેવી.
- બાળનાટકો બહુ જ નાનાં પસંદ કરવાં. ખાસ કરીને પશુ-પંખી અને વૃક્ષો આધારિત બાળનાટકો પસંદ કરવાનું રાખવું.

# રાગમાં રહીએ

આ વિભાગની ૫૦ પ્રવૃત્તિઓ માટે શિક્ષકે રમત, યોગ, તાલ, લય, નૃત્યનો સામાન્ય મહાવરો કરવો પડશે. શાળાનાં સંગીતવાદ્યનો ઉપયોગ થાય તે હિતાવહ છે. વિદ્યાર્થીની બુદ્ધિ અને ક્રિયાશીલતા વધારવાની પ્રવૃત્તિઓમાં શિક્ષકે સતત નાવિન્યપૂર્ણ બાબતોનું ઉમેરણ કરતા રહેવાનું રહેશે. આ વિભાગમાં ટી.વી. કાર્યક્રમ, ઓડિયો-વિડિયો સી.ડી. તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિદર્શન કરાવવાનું રહેશે. સંગીતની જાણકારીવાળી ગામની વ્યક્તિને પણ આયોજન સાથે આમંત્રણ આપી તેની મદદ લઈ શકાય.

# જાતે કરીએ



ચીટકકામ

માટીકામ

કાગળકામ

છાપકામ

સંગ્રહકામ

તરાહ પ્રવૃત્તિ

તોરણકામ

મહોરા નિર્માણ

કુતૂહલ પ્રેરક પ્રવૃત્તિઓ

કટીંગ્સ

# ચીટકકામ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ચાંદલાં ચોંટાડવા | વિદ્યાર્થી કાર્ડશીટ કે પૂંઠાના ચોરસ, ત્રિકોણ, લંબચોરસ આકાર પર ચાંદલાં ચીટકાવશે | કાર્ડશીટ, ચાંદલાંનું પેકેટ, પૂંઠા, કટર |
| ૨. | આકાર ચોંટાડવા | શિક્ષક સફેદ કાગળ પર વિવિધ ભૌમિતિક આકૃતિઓ દોરીને તેમાં તે આકારના રંગીન કે છાપાના કાગળ કાપી વિદ્યાર્થીને ચીટકાવવાનું કહેશે | સફેદ કાગળ, પેન્સિલ, રંગીન કાગળ, જૂના છાપા, કાતર |
| ૩. | અંક/મૂળાક્ષરમાં રેતી ચોંટાડવી | શિક્ષક સફેદ કાગળ પર વિવિધ અંક અને મૂળાક્ષર ડબલ અક્ષરે લખી વિદ્યાર્થીને તેમાં રેતી ચીપકાવવાનું કહેશે. | રેતી, પેન્સિલ, સફેદ કાગળ, ગુંદર |
| ૪. | આકૃતિમાં અનાજના દાણા ચોંટાડવા | શિક્ષક સફેદ કાગળ પર વિવિધ આકૃતિઓ દોરી તે પર અનાજના વિવિધ દાણા ચીપકાવવાનું કહેશે. | સફેદ કાગળ, પેન્સિલ, ગુંદર, અનાજના દાણા |
| ૫. | આકૃતિમાં રંગીન કાગળ ચોંટાડવા | શિક્ષક સફેદ કાગળ પર વિવિધ રેખાકૃતિ દોરી તે પર રંગીન કાગળના ટુકડા ચીપકાવવાનું કહેશે. | સફેદ કાગળ, પેન્સિલ, રંગીન કાગળ, કાતર |

# માટીકામ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | માટીનો ગોળો | શિક્ષક વિદ્યાર્થીઓને ઘરેથી લાવેલ માટીને ગુંદાવશે અને તેમાંથી મોટો, ગોળ માટીનો ગોળો બનાવવાનું કહેશે. | પાણીની ડોલ<br>માટી |
| ૨. | માટીના મણકા | શિક્ષક વિદ્યાર્થી પાસે માટીમાંથી નાના-નાના ગોળ મણકા બનાવડાવશે. | પાણીની ડોલ,<br>માટી |
| ૩. | માટીનો રોટલો | શિક્ષક વિદ્યાર્થીને માટીમાંથી રોટલો બનાવવાનું કહેશે. | પાણીની ડોલ,<br>માટી |
| ૪. | માટીના ગાંઠિયા | શિક્ષક વિદ્યાર્થીને માટીમાંથી ગાંઠિયા બનાવવાનું કહેશે. | પાણીની ડોલ,<br>માટી |
| ૫. | માટીની જલેબી | શિક્ષક વિદ્યાર્થીને માટીમાંથી જલેબી જેવું વર્તુળાકાર બનાવવાનું કહેશે. | પાણીની ડોલ,<br>માટી |

# કાગળકામ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ગડીકામ | શિક્ષક વિદ્યાર્થી પાસે જૂનાં છાપાં કે નકામા કાગળમાંથી ગડી વાળીને આકારો ઉપસાવવાનું કાર્ય કરાવશે. | છાપાં |
| ૨. | ટુકડા કરવા | શિક્ષક વિદ્યાર્થી પાસે છાપાંના કાગળમાંથી નાના-મોટા ટૂકડા કરાવશે. | છાપાં |
| ૩. | ભૂંગળી બનાવવી | શિક્ષક વિદ્યાર્થી પાસે છાપામાંથી નાની મોટી, લાંબી-ટૂંકી ભૂંગળીઓ બનાવડાવશે. | છાપાં |
| ૪. | આકાર કપાવવા | શિક્ષક જૂના છાપામાંથી વિદ્યાર્થીઓ પાસે કાતરની મદદ વિના વિવિધ આકારો કપાવશે. | છાપાં |
| ૫. | ધજા- પતાકા બનાવવી | શિક્ષક જૂના છાપામાંથી વિદ્યાર્થી પાસે કાતરની મદદ વિના વિવિધ પ્રકારની ધજા-પતાકા બનાવડાવશે. | છાપાં |

# છાપકામ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | અંગૂઠાની છાપ | શિક્ષક વિદ્યાર્થી પાસે શાહીપેડના ઉપયોગ વડે અંગૂઠાની છાપ પાડી તેમાં મોં, જીવ-જંતુ, વાહન, ફૂલ, વસ્તુઓનો આકાર ઉપસાવશે. | સ્ટેમ્પપેડ, કાપડનો નકામો ટુકડો, કોરો કાગળ |
| ૨. | શાકભાજીની છાપ | શિક્ષક લીંબુ, ડુંગળી, ભીંડા, દૂધી, બટાકાના ટુકડાને શાહીમાં ભીંજવી વિદ્યાર્થી પાસે વિવિધ છાપ ઉપસાવશે. | સ્ટેમ્પપેડ, કાગળ, વિવિધ શાકભાજીના ટુકડા |
| ૩. | આંગળાની છાપ | હાથના આંગળાની મદદ વડે વિવિધ છાપ વિદ્યાર્થીઓ પાડશે. | સ્ટેમ્પ પેડ, કાગળ, કાપડનો નકામો ટુકડો |
| ૪. | દોરાની છાપ | વિદ્યાર્થીઓ પાણીના રંગો, શાહી અને દોરાની મદદ વડે કોરા કાગળ પર વિવિધ છાપ પાડશે. | સ્ટેમ્પ પેડ, દોરો, કાગળ, રંગ, ડીશ, પાણી |
| ૫. | વિવિધ વસ્તુની છાપ | વિદ્યાર્થીઓ સિક્કા, ટૂથબ્રશ, કાંસકો, કચૂકા, લખોટીની છાપ કાગળ પર પાણીના રંગો અને શાહીની મદદથી પાડશે. | સ્ટેમ્પ પેડ, શાળાની વિવિધ વસ્તુઓ, કાગળ, રંગ |

# સંગ્રહકામ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | રમકડાં સંગ્રહ | શિક્ષક વિદ્યાર્થી પાસેથી બિનઉપયોગી રમકડાંઓ એકત્ર કરી તેનો સંગ્રહ કરાવશે. વર્ગના પ્રદર્શન વિભાગમાં આ સંગ્રહ ગોઠવાશે. ઉપયોગી રમકડાંઓ થોડા દિવસ શાળામાં રાખી કાળજીપૂર્વક વિદ્યાર્થીને પાછા આપશે | બિનઉપયોગી રમકડાં |
| ૨. | કાપડના ટુકડાનો સંગ્રહ | શિક્ષક વિદ્યાર્થીને બિનઉપયોગી રંગીન કાપડના વિવિધ નાના ટુકડાઓ લાવવાનું કહેશે. સફેદ કાગળ પર કાપડના ટુકડા ચીપકાવી તેનો સંગ્રહ કરાવશે. | વિવિધ કાપડના રંગીન ટુકડાઓ, ગુંદર, કાગળ |
| ૩. | ફળ, શાકભાજી, પ્રાણીનાં ચિત્રોનો સંગ્રહ | વિદ્યાર્થી પાસે પૂર્વઆયોજન મુજબ ફળ કે ફળના ટુકડા મંગાવી તેનું પ્રદર્શન કરાવશે. વિવિધ ફળ, શાકભાજી, પ્રાણીનાં ચિત્રો કાપી તેને કાગળ પર ચીપકાવી તેનો સંગ્રહ કરાવશે. | કાગળ, ગુંદર, ફળ, શાકભાજી, પ્રાણીનાં ચિત્રો હોય એવા વર્તમાન પત્રો |
| ૪. | ફૂલ, જીવ-જંતુ, પક્ષીનાં ચિત્રોનો સંગ્રહ | કોરા કાગળ પર શિક્ષક, વિદ્યાર્થી પાસે ફૂલ, જીવ-જંતુ, પક્ષીનાં ચિત્રો ચીપકાવી તેનો સંગ્રહ કરાવશે | વર્તમાનપત્રોમાંથી ફૂલ, જીવ-જંતુ, પક્ષીના ચિત્રોના કટિંગ્સ, કાગળ, ગુંદર |
| ૫. | પક્ષીના પીંછાનો સંગ્રહ | શિક્ષક વિદ્યાર્થીઓ પાસે ગામનાં વિવિધ પક્ષીઓનાં ઉપલબ્ધ પીંછાઓ મંગાવી તેને કાગળ પર ચીપકાવી તેનો સંગ્રહ કરાવશે. | કાગળ, પીંછા, ગુંદર |

# તરાહ પ્રવૃત્તિ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | આકારની ગોઠવણી (મૂર્ત વસ્તુ દ્વારા) | શિક્ષક વિદ્યાર્થી પાસે મૂર્ત વસ્તુઓની મદદથી વિવિધ આકારોની ગોઠવણી કરાવશે. (મેદાનની ખુલ્લી જગ્યા, શાળાની લોબીમાં કરાવી શકાય) | શાળા પરિસરમાં ઉપલબ્ધ વિવિધ સામગ્રી |
| ૨. | સંખ્યાની ગોઠવણી (મૂર્ત વસ્તુ દ્વારા) | શિક્ષક વિદ્યાર્થી પાસે મૂર્ત વસ્તુઓની મદદ વડે વિવિધ સંખ્યાની ગોઠવણી કરાવશે. (મેદાન, શાળાની ઓસરીમાં કરાવી શકાય) | શાળા પરિસરમાં ઉપલબ્ધ વિવિધ સામગ્રી |
| ૩. | દીવાસળી વડે વિવિધ આકારો | કાગળ પર ગુંદર વડે દીવાસળીની વિવિધ આકૃતિઓ, ડિઝાઈન ચીપકાવે તેવી વ્યવસ્થા શિક્ષકે કરવી. | માચીસ, ગુંદર, કાગળ |
| ૪. | લખોટીની ડિઝાઈન | શિક્ષક વિદ્યાર્થીને લખોટી આપી તેમાંથી વિવિધ ડિઝાઈન બનાવવાનું કહેશે. લખોટીની સંખ્યા જેટલી વધુ હોય તેટલી પ્રવૃત્તિ ઉત્તમ થશે. | લખોટીઓ |
| ૫. | રાડામાંથી રમકડાં | શિક્ષક વિદ્યાર્થીને જુવાર, બાજરીના રાડા, લીમડાની સળીના ઉપયોગથી વિવિધ ચીજવસ્તુઓ, રમકડાં બનાવવાનું કહેશે. | રાડા, સળી |

# તોરણકામ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | આકાર તોરણ | સફેદ કાગળમાંથી કાતર વડે વિવિધ આકારો કાપી તેનું તોરણ બનાવડાવવું | કાગળ, ગુંદર, દોરો, કાતર |
| ૨. | પર્ણ તોરણ | સ્થાનિક ઉપલબ્ધ વૃક્ષો આસોપાલવ, આંબો, લીમડાના પર્ણોમાંથી તોરણ બનાવડાવવું. આ તોરણમાં ગાંઠ મારવાની રીત વિદ્યાર્થીને શીખવવી. | દોરો અને વિવિધ પર્ણો |
| ૩. | રંગ તોરણ | વિદ્યાર્થીઓ પાસે રંગીન કાગળમાંથી વિશિષ્ટ આકૃતિઓ કાપી તેનું તોરણ બનાવડાવવું | રંગીન કાગળ, ગુંદર, કાતર, દોરો |
| ૪. | અંક તોરણ | કાગળની વિશિષ્ટ આકૃતિનાં કાર્ડ્ઝ કાપી તેમાં અંકો લખી, રંગ પૂરી તેનું તોરણ બનાવડાવવું. | કાગળ, પેન્સિલ, રંગ, દોરો, કાતર, ગુંદર |
| ૫. | મૂળાક્ષર તોરણ | કાગળના લંબચોરસ કાર્ડ્ઝમાં ડબલલીટીમાં મૂળાક્ષર લખી, રંગપૂરી મૂળાક્ષર તોરણ બનાવડાવવું | ગુંદર, રંગ, દોરો, કાતર, કાગળ |

# મહોરા નિર્માણ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | જોકરનાં મહોરાં | શિક્ષક વિદ્યાર્થી પાસે, પૂંઠા પર જોકરનું મહોરું દોરી, રંગપૂરી, કાપી, દોરી વડે બાંધી મોં પર બંધબેસતા માપમાં આવે તેવું જોકરનું મહોરું બનાવડાવશે. | કાગળ, પૂંઠા, કાર્ડ શીટ, દોરી, સ્કેચપેન, કાતર |
| ૨. | પશુનાં મહોરાં | શિક્ષક વિદ્યાર્થીને ઉપલબ્ધ સામગ્રીમાંથી વિવિધ પશુઓનાં રંગીન મહોરાં બનાવવાનું કહેશે. | કાગળ, પૂંઠા, કાર્ડ શીટ, દોરી, સ્કેચપેન, કાતર |
| ૩. | પ્રાણીનાં મહોરાં | શિક્ષક વિદ્યાર્થીને ઉપલબ્ધ સામગ્રીમાંથી વિવિધ પ્રાણીનાં રંગીન મહોરાં બનાવવાનું કહેશે. | કાગળ, પૂંઠા, કાર્ડ શીટ, દોરી, સ્કેચપેન, કાતર |
| ૪. | પક્ષીનાં મહોરાં | શિક્ષક વિદ્યાર્થીને ઉપલબ્ધ સામગ્રીમાંથી વિવિધ પક્ષીનાં રંગીન મહોરાં બનાવવાનું કહેશે. | કાગળ, પૂંઠા, કાર્ડ શીટ, દોરી, સ્કેચપેન, કાતર |
| ૫. | ફળનાં મહોરાં | શિક્ષક વિદ્યાર્થીને કાગળ, પૂંઠા, કાર્ડશીટની મદદ વડે વિવિધ ફળોનાં રંગીન મહોરાં બનાવવાનું કહેશે. | કાગળ, પૂંઠા, કાર્ડ શીટ, દોરી, સ્કેચપેન, કાતર |

# કુતૂહલ પ્રેરક પ્રવૃત્તિઓ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | જાદૂઈ રમકડાં દર્શાવવાં | ચાવીવાળાં, દોરી ખેંચી ચાલતાં, હવામાં ઉડતાં રમકડાં વિદ્યાર્થીઓને બતાવી તે વિશે પ્રશ્નોતરી કરશે. (વિદ્યાર્થીઓને રમકડાં રમવાં આપવાં) | વૈજ્ઞાનિક રમકડાં |
| ૨. | પાણીમાં રંગ ઉમેરવો | શિક્ષક વિદ્યાર્થીને જળપાત્રમાં રંગ નાખી પાણીમાં રંગોની આકૃતિ બનાવી, બદલાતા રંગોનું નિરીક્ષણ કરવાની સમજ આપશે. | જળરંગો, પાણી, પાત્ર |
| ૩. | જાદૂઈ થેલી / પેટીનું નિર્માણ | શિક્ષક વર્ગમાંની નાની-નાની ચીજ વસ્તુઓને થેલીમાં કે પૂંઠાના ખોખામાં નાખી તેના વિશે વિશેષ પ્રશ્નોતરી કરશે. અન્ય વિદ્યાર્થીઓને અંદરો-અંદર આવી પ્રવૃત્તિ માટે સમજ આપશે. | કાપડની થેલી, પૂંઠાનું બોક્ષ, વર્ગખંડની નાની વસ્તુઓ |
| ૪. | કુતૂહલ પ્રેરક પ્રશ્નોતરી | શિક્ષક વિદ્યાર્થીને કુતૂહલ પ્રેરક પ્રશ્નો પૂછશે. વિદ્યાર્થી તેના જવાબો સ્થાનિક મિત્રો, કુટુંબમાંથી મેળવશે. (પ્રશ્નો વિદ્યાર્થીની જિજ્ઞાસાવૃત્તિને પોષક હશે.) | --- |
| ૫. | સાબુના પાણીમાંથી ફીણ / પરપોટા બનાવવાં. | શિક્ષક વિદ્યાર્થી પાસે પાણીમાં સાબુનું પાણી બનાવડાવી તેના ફીણની આકૃતિ તથા તેમાંથી સ્ટ્રો વડે પરપોટા બનાવડાવશે. | સાબુ, પાણી, પાત્ર, સ્ટ્રો (પ્લાસ્ટિક ભૂંગળી) |

# કટીંગ્સ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | કાગળના ટુકડા કાપવા | છાપામાંથી વિવિધ પ્રકારના ટુકડા કાપી, કાગળપર ચીપકાવી તેને પ્રદર્શન વિસ્તારમાં મૂકવા. | છાપાં, કાતર, કાગળ, ગુંદર |
| ૨. | આકાર કાપવા | કાગળના વિવિધ આકારો કાપી પ્રદર્શન વિસ્તારમાં મૂકવા. | કાગળ, કાતર, ગુંદર |
| ૩. | કાગળની પટ્ટીઓ કાપવી | શિક્ષક વિદ્યાર્થી પાસે માપપટ્ટીની મદદથી લાંબી-ટૂંકી, નાની-મોટી કાગળની પટ્ટીઓ કપાવશે. જરૂર પડે તો જ કાતરનો ઉપયોગ કરવો. પટ્ટીઓ દિવાલ પર લગાવવી. કાગળ પર લગાડી પ્રદર્શન વિસ્તારમાં મૂકાવવી | માપપટ્ટી, કાગળ, કાતર, છાપાં, ગુંદર |
| ૪. | મૂળાક્ષર કાપવા | કાગળ પર છાપામાંથી મોટા કદના મૂળાક્ષરો કાપી ચોંટાડી પ્રદર્શન વિસ્તારમાં મૂકવા. | કાગળ, છાપાં, કાતર, ગુંદર |
| ૫. | અંક કાપવા | રંગીન કાગળમાંથી મોટાકદના અંકો કાપી, સફેદ કાગળ પર ચીપકાવી, પ્રદર્શન વિસ્તારમાં મૂકવા. | સફેદ કાગળ, રંગીન કાગળ, કાતર, ગુંદર |

# નીખરીએ

રંગપૂરણી

ટપકાં જોડ

અક્ષર લેખન

ચિત્ર નિર્માણ

સિક્કા છાપ

રંગોળી નિર્માણ

સંગ્રહપોથી

પૂંઠાકામ

ટ્રેસીંગ

પપેટ નિર્માણ

# રંગપૂરણી

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | લીટાં કરવાં (રેખા નિર્માણ) | શિક્ષક વિદ્યાર્થી પાસે સ્લેટમાં, કોરા કાગળ પર વિશિષ્ટ રેખાઓ-લીટા કરાવશે. લીટાં સીધાં, સમાંતર, આડાં-ઊભાં, પર્વતાકાર, નદીના વળાંક જેવાં કરાવશે. | સ્લેટ, કાગળ, ચાક, પેન્સિલ |
| ૨. | આકાર રંગપૂરણી | શિક્ષક વિદ્યાર્થીને વિશિષ્ટ આકારો દોરવાનું કહેશે. યોગ્ય આકારમાં રંગ પૂરવાની સમજ આપશે. | કાગળ, રંગ, પેન્સિલ |
| ૩. | પર્ણ રંગપૂરણી | સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ પર્ણની રેખાકૃતિ દોરી તે કાગળમાં રંગ પૂરવાની સમજ આપશે. | પર્ણ, કાગળ, રંગ, પેન્સિલ |
| ૪. | ડિઝાઈન રંગપૂરણી | શિક્ષક વિદ્યાર્થીને કાગળપર વિશિષ્ટ ડિઝાઈન્સ દોરાવી તેમાં વિવિધ રંગો પૂરવાની સમજ આપશે. | પેન્સિલ, કાગળ, રંગ |
| ૫. | સ્મૃતિચિત્ર રંગપૂરણી | વિદ્યાર્થીને આવડતાં ચિત્રો દોરાવી તેમાં વિવિધ રંગો પૂરાવશે. | કાગળ, રંગ, પેન્સિલ |

# ટપકાં જોડો

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | કોરા કાગળમાં ટપકાં કરવાં | શિક્ષક વિદ્યાર્થી પાસે કોરા કાગળમાં ટપકાં કરાવશે. ટપકાં વચ્ચે યોગ્ય અંતર, આકાર, સંખ્યાને જોડી સમજ આપશે. | કોરા કાગળ, સ્કેચપેન, પેન્સિલ |
| ૨. | સીધી અને આડી લીટીમાં ટપકાં કરવાં | શિક્ષક વિદ્યાર્થીને માપપટ્ટી વડે આડી-ઊભી, ત્રાંસી, લીટી દોરાવી તે પર યોગ્ય અંતરે ટપકાં કરાવશે. | કોરો કાગળ, પેન્સિલ, સ્કેચપેન, માપપટ્ટી |
| ૩. | ભૌમિતિક આકારોનાં ટપકાં કરવાં | વિદ્યાર્થી શિક્ષકની સહાય વડે ભૌમિતિક આકારો દોરી તેમાં ટપકાં કરશે. | કોરો કાગળ, પેન્સિલ, સ્કેચપેન, માપપટ્ટી |
| ૪. | વૃક્ષોના રેખાંકન કરેલા ચિત્રમાં ટપકાં પૂરવાં | વિદ્યાર્થી શિક્ષકની મદદ વડે કાગળ પર વૃક્ષોનાં ચિત્રો દોરીને તેમાં ટપકાં પૂરશે. | કોરોકાગળ, સ્કેચપેન, પેન્સિલ |
| ૫. | પદાર્થ ચિત્રોમાં ટપકાં જોડવાં | વિદ્યાર્થી કાગળ પર પેન્સિલથી વિવિધ પદાર્થોનાં ચિત્રો દોરી તેમાં યોગ્ય અંતરે ટપકાં પૂરશે. | કોરો કાગળ, સ્કેચપેન, પેન્સિલ |

# અક્ષર લેખન

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | વર્તુળ, ત્રિકોણ ચોરસ, લંબચોરસ ખાનાથી અક્ષર બનાવે | વિદ્યાર્થી ભૌમિતિક આકારોમાંથી અક્ષર લેખન કરે તેવી સમજ આપવી. | પૂંઠાના ભૌમિતિક આકારો, કાગળ પેન્સિલ |
| ૨. | સરખા માપની લીટીથી અક્ષર બનાવે | વિદ્યાર્થી યોગ્ય અંતર, માપ રાખી સરખી બે રેખા (લીટી) થી અક્ષરો બનાવે તેવી સમજ આપવી | માપપટ્ટી કાગળ પેન્સિલ |
| ૩ | ટપકાં જોડી અક્ષર લેખન કરે | વિદ્યાર્થી ટપકાં જોડી મૂળાક્ષર લેખન કરે તેવી સમજ આપવી | કાગળ પેન્સિલ |
| ૪ | મૂળાક્ષર લેખન | વિદ્યાર્થીઓ ડબલ અક્ષરે સુંદર વળાંકોથી અક્ષર લેખન કરે તેવી સમજ આપવી | કાગળ પેન્સિલ |
| ૫ | શબ્દ લેખન | વિદ્યાર્થીઓ ડબલ અક્ષરે સુંદર વળાંકોથી શબ્દ લેખન કરે તેવી સમજ આપવી | કાગળ પેન્સિલ |

# ચિત્ર નિર્માણ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | વળાંકવાળાં લીટાં દોરવાં | વિદ્યાર્થીને કોરા કાગળ પર વિવિધ વળાંકોવાળાં લીટાં (રેખાઓ) દોરવા સમજ આપવી | કાગળ, પેન્સિલ |
| ૨. | વિવિધ આકારો દોરવા | વિદ્યાર્થીને જુદી-જુદી ચીજ વસ્તુઓના આધારે વિવિધ આકારો દોરવા સમજ આપવી | સ્થાનિક ચીજવસ્તુઓ, કાગળ, પેન્સિલ, રંગ |
| ૩. | વાદળ, સૂર્ય, ચંદ્ર, તારાઓ દોરવાં | વિદ્યાર્થીએ પોતાના સ્થાનિક પર્યાવરણમાં જોયેલ આકાશનાં વાદળો, સૂર્ય, ચંદ્ર, તારાઓ વગેરેનાં રેખાચિત્રો દોરાવવાં | કાગળ, પેન્સિલ, રંગો |
| ૪. | ચાંચ, પગ, હાથ, પૂંછડી, નહોર, દોરવા | કાગળ પર પશુ, પંખી, પ્રાણીના અંગોનાં ચિત્રોની રેખાકૃતિ દોરવા સમજ આપવી. | કાગળ, પેન્સિલ, રંગો |
| ૫ | પદાર્થ ચિત્રો દોરવાં | વર્ગ, શાળા પરિસરમાં દેખાતી ચીજ-વસ્તુનાં, પદાર્થોનાં રેખાચિત્રો દોરે તેવી સમજ આપવી | કાગળ, પેન્સિલ |

# સિક્કા છાપ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧ | સિક્કાની છાપ પાડવી | ૧, ૨, ૫ તથા ૫૦ પૈસાના સિક્કાની છાપ કાગળ પર શાહીમાં બોળીને છાપશે. | કાગળ, શાહી, વિવિધ સિક્કાઓ |
| ૨. | સિક્કાછાપ ડિઝાઈન નિર્માણ | વિવિધ સિક્કાઓને શાહીમાં બોળી તેની નાવિન્યપૂર્ણ ડિઝાઈન્સ બનાવશે. | વિવિધ સિક્કા, કાગળ, શાહી |
| ૩. | સિક્કા છાપવા | કાગળ નીચે સિક્કો રાખી કાગળ પર પેન્સિલ ઘસીને સિક્કાની છાપ ઉપસાવવી. | પેન્સિલ, કાગળ, વિવિધ સિક્કાઓ |
| ૪. | સિક્કા ચિત્ર | કાગળ પર વર્તુળની જરૂરિયાતથી બનતી ચીજવસ્તુ, વાહન વગેરે નિર્માણ કરશે. ઉદા. પંખો = વચ્ચે સિક્કો બાજુમાં ત્રણ પાંખિયા, વાહનનાં બે પૈડાં = બે સિક્કા | કાગળ, સ્કેચપેન, પેન્સિલ, વિવિધ સિક્કા |
| ૫. | સિક્કાનું પ્રદર્શન | શિક્ષક વર્તમાન ચલણીનાણું એકત્ર કરાવી પ્રદર્શન વિસ્તારમાં મૂકશે. | વિવિધ ચલણી સિક્કાઓ |

# રંગોળી નિર્માણ

**રંગોળી કાગળ સિવાય વર્ગ પરિસર કે શાળા મેદાનમાં પણ કરાવી શકાય.**

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ભૌમિતિક આકારની રંગોળી | કાગળ પર વિવિધ ભૌમિતિક આકારો દોરી તેમાં મનગમતા રંગો પૂરે તેવી સમજ શિક્ષક આપશે. | રંગ, કાગળ, પેન્સિલ, ચાક-સ્લેટ |
| ૨. | અંક રંગોળી | શિક્ષકે વિદ્યાર્થીને કાગળ પર મોટા કદના અંકોમાં રંગ પૂરાવવાંની સમજ આપવી. | રંગ, કાગળ, પેન્સિલ, ચાક-સ્લેટ |
| ૩. | મૂળાક્ષર રંગોળી | શિક્ષકે વિદ્યાર્થીને કાગળ પર મોટા કદના મૂળાક્ષર દોરાવી તેમાં રંગો પૂરાવવા. | રંગ, કાગળ, પેન્સિલ, ચાક-સ્લેટ |
| ૪. | ફળની રંગોળી | શિક્ષક કાગળ પર પેન્સિલથી વિવિધ ફળોની રેખાકૃતિ બનાવી તેમાં રંગો પૂરાવશે. | રંગ, કાગળ, પેન્સિલ, ચાક-સ્લેટ |
| ૫. | ફૂલની રંગોળી | શિક્ષક કાગળ પર પેન્સિલ વડે વિવિધ ફૂલોની રંગોળી દોરી વિદ્યાર્થીને રંગ પૂરવા કહેશે. | રંગ, કાગળ, પેન્સિલ, ચાક-સ્લેટ |

# સંગ્રહપોથી

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | બાકસના ખોખાની છાપનો સંગ્રહ | શિક્ષકની સૂચનાથી વિદ્યાર્થીએ એકત્ર કરેલ બાકસના ખોખાની વિવિધ છાપને કાગળ પર ચિપકાવી તેની સંગ્રહપોથી બનાવવી. | બાકસના ખોખા કાગળ ગુંદર |
| ૨. | જુદી-જુદી ટિકિટોનો સંગ્રહ | વિદ્યાર્થી શિક્ષકની મદદ વડે બસ, રેલવે, વિવિધ સ્થળ પ્રવેશની ટિકિટો એકત્ર કરી, કાગળ પર ચિપકાવી સંગ્રહપોથી બનાવશે. | વિવિધ ટિકિટ્સ, ગુંદર, કાગળ |
| ૩. | ચૉકલેટ કાગળનો સંગ્રહ | કાગળ પર વિવિધ ચોકલેટસના રેપર્સ (કાગળ) ચિપકાવી વિદ્યાર્થી તેની સંગ્રહ પોથી બનાવશે. | ચૉકલેટ રેપર્સ (કાગળ), ગુંદર, કાગળ |
| ૪. | વિવિધ ચિત્રોનો સંગ્રહ | વિદ્યાર્થી જૂનાં છાપા, મેગેઝિનમાંથી, પોતાને ગમતાં ચિત્રો કાપી કાગળ પર યોગ્ય રીતે લગાવશે અને ચિત્ર સંગ્રહ બનાવશે. | મેગેઝિન, વર્તમાનપત્રો, કાગળ, ગુંદર |
| ૫. | વિવિધ ફોટાઓનો સંગ્રહ | વિદ્યાર્થી આજુબાજુના વિસ્તારમાંથી, મેગેઝિન, છાપાંમાંથી વિવિધ લોકોના ફોટોગ્રાફ કાપી, કાગળ પર ચિપકાવી ફોટાસંગ્રહ પોથી બનાવશે. | વિવિધ ફોટોગ્રાફસ, વર્તમાનપત્રો, મેગેઝિન, ગુંદર, કાગળ |

# પૂંઠાકામ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પૂંઠામાંથી આકાર કાપવા | વિદ્યાર્થીને પૂંઠામાંથી વિવિધ આકારો કાપવા સમજ આપવી. | પૂંઠાં, કાતર |
| ૨. | પૂંઠા પર રંગીન કાગળ ચિપકાવવા | પૂંઠા પર રંગીન કાગળો ચિપકાવી ડિઝાઈન, આકાર દર્શાવવાની સમજ આપવી. | પૂંઠાં, ગુંદર, રંગીન કાગળ, કાતર, કાગળ |
| ૩. | પૂંઠામાંથી ઘર બનાવવું | ઉપલબ્ધ સામગ્રીના ઉપયોગથી વિવિધ અને વિશિષ્ટ રીતનાં પૂંઠાનાં ઘર બનાવે તેવી સમજ આપવી. | ગુંદર, પૂંઠાં, કાતર, કાગળ |
| ૪. | પૂંઠામાંથી ફળ બનાવવાં | ઉપલબ્ધ સામગ્રીના ઉપયોગથી પૂંઠામાંથી વિવિધ ફળોના આકારો કાપવામાં આવે અને તેને દર્શાવવામાં આવે તેવી સમજ આપવી. | કાગળ, પૂંઠાં, કાતર, ગુંદર, રંગ |
| ૫. | પૂંઠામાંથી ફૂલ બનાવવાં | પૂંઠામાંથી વિવિધ પ્રકારનાં ફૂલના આકારો કાપી તે પર કાગળ ચિપકાવી, રંગ પૂરે તેવી સમજ આપવી. | કાગળ, પૂંઠાં, કાતર, ગુંદર, રંગ |

# ટ્રેસીંગ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | તેલીયો કાગળ બનાવવો | શિક્ષક તેલ નાખેલા માથાના વાળ પર સાદો, સફેદ કાગળ ઘસી તે તેલીયો કાગળ બનાવડાવી તેના ઉપયોગ વિશે સમજ આપશે. | સફેદ કાગળ, પેન્સિલ |
| ૨. | પાંદડાનું ટ્રેસિંગ | વિદ્યાર્થી કાગળ પર નાના-નાના પર્ણોનું ટ્રેસિંગ કરે તેવી સમજ શિક્ષક આપશે. | વિવિધ પર્ણો પેન્સિલ, કાગળ |
| ૩. | આકારનું ટ્રેસિંગ | વિદ્યાર્થી નાના-નાના આકારોનું કાગળ પર ટ્રેસિંગ કરે અને તે માટેની સમજ પૂરી પાડશે. | કાગળ, વિવિધ આકારો, પેન્સિલ |
| ૪. | અંક ટ્રેસિંગ | કાગળ પર વિદ્યાર્થી અંકોના આકારનું ટ્રેસિંગ કરે તેવી સમજ આપવી. | કાગળ, પેન્સિલ, વિવિધ અંકો |
| ૫. | મૂળાક્ષરનું ટ્રેસિંગ | વિદ્યાર્થી કાગળ પર મૂળાક્ષરના આકારનું ટ્રેસિંગ કરે તેવી સમજ આપવી. | કાગળ, પેન્સિલ, વિવિધ મૂળાક્ષરો |

# પપેટ નિર્માણ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પેપર પપેટ | કાગળમાંથી પશુ, પક્ષી, વાહન, વસ્તુ બનાવી તેનો પપેટ તરીકે ઉપયોગ કરાવી સમજ આપવી. | કાગળ, સ્કેચપેન |
| ૨. | બેગ પપેટ | કાગળની કોથળી (મોટાં કવર જેવી)માં કાણા પાડી હાથની આંગળી વડે ઉપયોગ કરી બેગ પપેટનો ઉપયોગ સમજાવવો. | કાગળની કોથળી |
| ૩. | થર્મોકોલ પપેટ | નકામા, બિનઉપયોગી થર્મોકોલમાંથી સળીની મદદ વડે થર્મોકોલ પપેટ બનાવી તેના ઉપયોગની સમજ આપવી. | બિનઉપયોગી થર્મોકોલ, સળીઓ |
| ૪. | સ્ટીક પપેટ | વાંસની સળીમાંથી પશુ, પ્રાણી, આકાર, વાહનો બનાવી તેનો સ્ટીકપપેટ તરીકે ઉપયોગ કરાવવો. | સળી, દોરો, કાતર, સ્કેચપેન, વાંસની સળી |
| ૫. | ચાર્ટ પપેટ | કાર્ડશીટમાંથી વિવિધ પશુ, પંખી, પ્રાણી, ફૂલના આકારો કાપી તેનો પપેટ તરીકે ઉપયોગ કરાવવો. | ચાર્ટ પેપર, કાતર, સ્કેચપેન |

# વાદ-સંવાદ

શ્રવણ કથન (હિન્દી)

શ્રવણ કથન (અંગ્રેજી)

અભિવ્યક્તિ

પાત્ર પરિચય

પ્રસંગ વર્ણન

દિન ઉજવણી

સાંસ્કૃતિક કાર્યક્રમ

બાલસભા

ચિત્ર વર્ણન

સ્થળ વર્ણન

# શ્રવણ કથન (હિન્દી)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ગીત | શિક્ષક ''હમ હાથી કો ગીનતી સિખાયેંગે'' જેવાં ગીતો ગાશે. બાળકો ગીતનું શ્રવણ કરશે અને શિક્ષકની સાથે ગાશે. | ધો. ૫ થી ૭ના વિદ્યાર્થીઓની સંગીતની નોટબૂક |
| ૨. | વાર્તા | શિક્ષક આરોહ અવરોહ સાથે ''ગધા ઔર બાઘ'' જેવી વાર્તા દ્વારા બાળકોને શ્રવણ અનુભવ પૂરા પાડશે. | શાળામાં ઉપલબ્ધ હિન્દી વાર્તાઓ, ધો. ૪, ધો. ૫ની વાર્તાઓ |
| ૩. | વાંચીને ચિત્રવાળી વાર્તા કહેવી | શિક્ષક ચિત્રવાળી વાર્તાનો ચાર્ટ બતાવીને ક્રમ પ્રમાણે ચિત્રનું વર્ણન કરશે અને બાળકોને વાર્તાનું શ્રવણ કરાવશે. ''બિલ્લી ઔર બંદર'' જેવી ચિત્રવાર્તાઓ. | ચિત્રવાર્તાઓના ચાર્ટ |
| ૪. | ડ્રામા | શિક્ષક તાલ રમત દ્વારા વિવિધ વ્યવસાયકારો, વસ્તુઓ, રમતોનો અભિનય કરશે ત્યારબાદ બાળકોને તે અભિનય કરાવશે. | શાળામાં ઉપલબ્ધ ઢોલક, ખંજરી |
| ૫. | ક્રિયા ઓળખો | શિક્ષક ચાલવાની, બેસવાની, જોવાની, લખવાની જેવી વિવિધ ક્રિયા કરશે અને હિન્દીમાં શ્રવણ અનુભવ પૂરા પાડશે. ત્યારબાદ બાળકોને તે ક્રિયા કરવાનું કહેશે. | ----- |

# શ્રવણ કથન (અંગ્રેજી)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | શરીરનાં અંગો | શિક્ષક અંગ્રેજીમાં પોતાના શરીરનાં વિવિધ અંગોનાં નામ કહેશે. ત્યારબાદ વિદ્યાર્થી પાસે તેનું કથન કરાવશે. શાળામાં ઉપલબ્ધ શરીરના અંગોના ચાર્ટ કે હ્યુમન મોડેલ દ્વારા પણ શ્રવણ અનુભવ પૂરા પાડશે. | શાળામાં ઉપલબ્ધ શરીરનાં અંગોનો ચાર્ટ, હ્યુમન બોડી મોડેલ |
| ૨. | ૧ થી ૧૦ | શિક્ષક અંગ્રેજીના ૧ થી ૧૦ અંકોનું ફ્લેશકાર્ડ બતાવીને કથન કરશે ત્યારબાદ વિદ્યાર્થીઓ શ્રવણ કરીને શિક્ષકની સાથે કથન પણ કરશે. | કાર્ડશીટ, સ્કેચપેન (ફ્લેશકાર્ડ બનાવવા) |
| ૩. | કલરનાં નામ | શિક્ષક શાળામાં ઉપલબ્ધ વિવિધ કલરના ચાર્ટ કે વિવિધ કલરની વસ્તુઓ બતાવીને કલરનાં નામ અંગ્રેજીમાં જણાવશે. ત્યારબાદ બાળકોને ફરીથી કલર બતાવીને કથન કરાવશે. | શાળામાં ઉપલબ્ધ જુદા જુદા રંગની વિવિધ વસ્તુઓ અને કલરનો ચાર્ટ |
| ૪. | ફ્રુટ્સના નામ | શિક્ષક ફ્રુટ્સના ચાર્ટ અથવા ફ્રુટ્સનાં રમકડાં ઉપલબ્ધ હોય તો તે બતાવીને ફ્રુટ્સનાં નામ અંગ્રેજીમાં કહેશે અને ત્યારબાદ વિદ્યાર્થી પાસેથી કથન કરાવશે તેમાં શિક્ષક પણ જોડાશે. | ફ્રુટ્સના ચાર્ટ, શાળામાં ઉપલબ્ધ ફ્રુટ્સનાં રમકડાં |
| ૫. | પ્રાણીનાં નામ | શિક્ષક પ્રાણીઓનાં ચિત્ર પાઠ્યપુસ્તકમાંથી કે ચાર્ટમાંથી બતાવીને પ્રાણીઓનાં નામ અંગ્રેજીમાં કહેશે ત્યારબાદ વિદ્યાર્થી પાસે પ્રાણીનું ચિત્ર બતાવીને કથન કરાવશે. | પાઠ્યપુસ્તકમાંથી પ્રાણીઓનાં ચિત્ર, પ્રાણીઓના ચિત્રનો ચાર્ટ |

# અભિવ્યક્તિ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | બોલીને અભિવ્યક્તિ | શિક્ષક બાળકને પ્રશ્નોત્તરી દ્વારા તેના ઘરની પરિસ્થિતિ વિશે, વસ્તુની સંખ્યા વિશે બોલીને અભિવ્યક્તિ કરશે. વાર્તા કહેવી એ બોલીને અભિવ્યક્તિ છે. | ------ |
| ૨. | મૂંગા રહીને અભિવ્યક્તિ | શિક્ષક મૂંગા રહીને ઈશારા દ્વારા અભિવ્યક્તિ કરશે અને ત્યારબાદ બાળકોને તે અભિવ્યક્તિ કરાવશે જેમ કે બાળકને પાસે આવવાનું, કોઈ પ્રાણીનું મુક અભિનય કરવાનું વગેરે અનુભવો પૂરા પાડીને તે પ્રવૃત્તિ કરવાનું કહેશે. | |
| ૩. | ખુશીની અભિવ્યક્તિ | શિક્ષક પોતાનો પ્રથમ નંબર આવ્યો તેવું તેના પિતાને કહેતો હોય તેવો ભાવ બતાવીને ખુશીની અભિવ્યક્તિ કરશે. તેના જેવી જુદી જુદી પ્રવૃત્તિઓ કરશે ત્યારબાદ બાળક પાસે કરાવશે. | |
| ૪. | દુઃખની અભિવ્યક્તિ | શિક્ષક મિત્રના મૃત્યુથી દુઃખ થયું હોય, મિત્ર સાથે ઝઘડો થયો ને દુઃખ થાય તેવી અભિવ્યક્તિ બાળકો પાસે કરશે. | |
| ૫. | નવાઈની અભિવ્યક્તિ | ધીમું શીખનાર બાળક ઘણી બધી પ્રવૃત્તિઓ લઈ આવે ત્યારે નવાઈ પ્રગટ કરવી, બધા જ બાળકો અભિનયમાં જોડાય ત્યારે. | |

# પાત્ર પરિચય

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | મહાન નેતાનો પરિચય | શિક્ષક સરદાર, ગાંધીજી જેવા મહાન નેતાનો પરિચય આપશે સાથે શાળામાં ઉપલબ્ધ ફોટો પણ બતાવશે. | મહાન નેતાના ફોટા |
| ૨. | સગા-સંબંધીનો પરિચય | શિક્ષક મામા-કાકા, નાના વગેરે સંબંધીઓનો પરિચય બાળકો પાસે કરાવશે. તેમનાં નામ બાળકોને પૂછશે. | શાળામાં ઉપલબ્ધ દાદા-દાદી, માતા-પિતા ભાઈ-બહેનના ફોટોગ્રાફ્સ |
| ૩. | પડોશીનો પરિચય | શિક્ષક બાળકોને પોતાના પડોશીની સંકલ્પના સ્પષ્ટ કરીને પોતાના પડોશી વિશે પ્રશ્નો પૂછશે. તેનું વર્ણન પૂછશે. | ---- |
| ૪. | દોસ્તોનો પરિચય | શિક્ષક પોતાના ગમતા મિત્રોનાં નામ વિદ્યાર્થીને પૂછશે. તેને ગમતી-અણગમતી વસ્તુ વિશે પણ પૂછશે. | ---- |
| ૫. | પ્રાણી પરિચય | શિક્ષક પાઠ્યપુસ્તકમાંથી પ્રાણીઓના ફોટા બતાવીને તેનો પરિચય આપશે અને રહેઠાણ વિશે પણ જણાવશે. | પાઠ્યપુસ્તકમાંનાં પ્રાણીનાં ચિત્રો, પ્રાણીઓનો ચાર્ટ |

# પ્રસંગ વર્ણન

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | તહેવાર વર્ણન | શિક્ષક મહાશિવરાત્રિ, ઈદ-એ-મિલાદ, નવરાત્રિ જેવા તહેવારોનું વર્ણન કરશે વિદ્યાર્થી પાસે પ્રશ્નોત્તરી દ્વારા પણ વર્ણન કરાવી શકાય. | પાઠ્યપુસ્તકમાં આવતાં તહેવારોનાં ચિત્રો કાર્ડશીટ, સ્કેચપેન |
| ૨. | પ્રવાસ વર્ણન | શિક્ષક પોતે કરેલ પ્રવાસનું વર્ણન બાળકો પાસે કરશે. | પ્રવાસના ફોટોગ્રાફ્સ જો ઉપલબ્ધ હોય તો બતાવશે. |
| ૩. | શાળા વર્ણન | શિક્ષક પોતાની શાળા તેમાં રહેલી વસ્તુઓ દિશા વગેરેનું સવિસ્તાર વર્ણન બાળકો પાસે કરશે અને બાળકોને પોતાના ઘરનું વર્ણન કરવાનું કહેશે. | શાળાના ઉપલબ્ધ ફોટોગ્રાફ્સ |
| ૪. | રાષ્ટ્રીય તહેવાર વર્ણન | શિક્ષક ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીના સમગ્ર કાર્યક્રમનું વર્ણન બાળકો પાસે કરશે. | ધ્વજ દેશનેતાના ફોટા ક્રાંતિકારીઓના ફોટા |
| ૫. | લગ્ન પ્રસંગ વર્ણન | શિક્ષક આજુબાજુમાં રહેતા કોઈ પડોશીના લગ્ન પ્રસંગનું વર્ણન કરશે. તેમજ બાળકોએ જોયેલા લગ્ન વિશે પ્રશ્નોત્તરી પણ કરશે. | ---- |

# દિન ઉજવણી

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | જન્મદિન ઉજવણી | શિક્ષક જે બાળકનો જન્મ દિવસ હોય તેનું ફૂલથી સ્વાગત કરીને, ચોકલેટ આપીને, રેડ રીબીન આપીને ''આજનો દિપક'' પ્રવૃત્તિ કરાવીને હેપ્પી બર્થડે ગીત ગાઈને ઉજવણી કરશે. | રેડ રીબીન, રંગીન કાગળ |
| ૨. | પર્વ ઉજવણી | નવરાત્રિ, હોળી, ઉત્તરાયણ જેવા પર્વની ઉજવણી શાળામાં કરાવવી. બધાં જ બાળકોને સામેલ કરવાં. | રંગીન કાગળ, છડી, ગુંદર, દોરા, દાંડિયા |
| ૩. | પ્રવેશદિન ઉજવણી | જે બાળકનો વર્ગમાં નવો પ્રવેશ થાય ત્યારે અન્ય બાળકો ચાંદલો કરે. તે બાળકને મિષ્ટાન્ન ખવડાવે અને એક ફૂલ આપે તેવી રીતે પ્રવેશદિનની ઉજવણી કરવી. | કંકુ |
| ૪. | દિન વિશેષની ઉજવણી | શિક્ષકે વિકલાંગ દિન લૂઈ બ્રેઈલ ૪ જાન્યુ; શિક્ષક દિન, વિજ્ઞાન દિન, આંબેડક જયંતિ જેવા વિશેષદિનની ઉજવણી કરવી, તે શા માટે કરવામાં આવી તે બાળકોને સમજાવવું. | |
| ૫. | સ્થાપના દિનની ઉજવણી | શિક્ષક શાળાના સ્થાપના દિનની ઉજવણી બાળકો પાસે કરાવશે જેમાં શાળા સુશોભન, વર્ગખંડ સુશોભન, શાળાની સમિતિઓને શ્રેષ્ઠ કામગીરી બદલ ઈનામ વગેરે કાર્યક્રમો સ્થાપના દિનની ઉજવણીમાં કરશે. | |

# સાંસ્કૃતિક કાર્યક્રમ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | સામૂહિક અભિનયગીત | શિક્ષક બાળકોને સમહૂમાં કરાવી શકાય તેવાં ઉદા. હું ને પોપટલાલ, એક ઝમખું ખિસકોલી જેવા સામૂહિક અભિનયગીત પહેલાં પોતે કરશે ત્યારબાદ બાળકો પાસે કરાવશે. | ઢોલક, ખંજરી ધો. ૫ થી ૭ ની સંગીતની નોટબુક |
| ૨. | વ્યક્તિગત અભિનયગીત | શિક્ષક વ્યક્તિગત અભિનય બાળક પાસે કરાવશે જેમાં પહેલાં પોતે કરશે ત્યારબાદ બાળક સાથે કરશે. | ઢોલક, ખંજરી, ટેપ, ઓડિયોકેસેટ |
| ૩. | નાટક | શિક્ષક બાળકોનું જૂથ બનાવીને ‘‘પપ્પા મારે ભણવું છે’’ ‘‘હું પણ પપ્પાની વહાલી’’ જેવાં બાળકોની વયકક્ષા પ્રમાણે નાટક કરાવશે. | બાલસૃષ્ટિ તથા અન્ય સંદર્ભ પુસ્તકો |
| ૪. | વાર્તા | શિક્ષક હાવભાવ સાથે અભિનય સહ વાર્તા કરશે ત્યારબાદ બાળકોનાં જૂથ પાડીને જૂથમાં અભિનય સાથે હાવભાવયુક્ત વાર્તા કરાવશે. | બાલસૃષ્ટિ |
| ૫. | વેશભૂષા | શિક્ષક સાધુ, ફકીર, પૂજારી, રાજા વગેરે જેવા પાત્રોની વેશભૂષા શાળા તેમજ સ્થાનિક પર્યાવરણમાંથી ઉપલબ્ધ વસ્તુમાંથી કરશે. જેમ કે છાપામાંથી કપડાં, વગેરે. | કોલસો, મૂલતાની માટી, ચોકનો ભૂકો રંગીન કાગળ, સ્કેચપેન, સફેદ માટીવાળા કલર |

# બાલસભા

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ઉખાણા | શિક્ષક બાલસભાનું આયોજન કરશે અને પહેલાં પોતે ઉખાણાં કહેશે ત્યારબાદ વિદ્યાર્થીઓ પોતાને આવડતાં ઉખાણાં કહેશે. | બાલસૃષ્ટિ, ધો-૧-૨-૩ પર્યાવરણની શિક્ષક આવૃત્તિ, ધો- ૫ થી ૭ ની સંગીતની નોટબુક |
| ૨. | નાની વાર્તા | શિક્ષક બાળકો પાસે પહેલા નાની વાર્તા કહેશે ત્યારબાદ બાળકો જાતે પોતાની કલ્પના મુજબ નાની વાર્તા બાળકો સમક્ષ રજૂ કરશે. | બાલસૃષ્ટિ, બાલરંજન, બાલકિલ્લોલ |
| ૩ | જોડકણાં | બાળકો પોતાના જૂથ પાસે કે શાળાંના બધાજ બાળકો પાસે બાલસભામાં જોડકણાં રજૂ કરશે. | બાલકિલ્લોલ |
| ૪. | જોક્સ | બાળકો બાલસભામાં એક પછી એક આવશે અને જોક્સ કહશે. | સંદેશ, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર |
| ૫. | બાળગીત | બાલસભામાં ગ્રૃપમાં તથા વ્યક્તિગત બાળક બાલગીત કરશે અથવા શિક્ષક ગાશે અને બાળકો અભિનય કરશે. | બાલકિલ્લોલ, ધો. ૫ થી ૭ ની બાળગીત નોટબુકમાંથી, શિક્ષક આવૃતિ ધો.૧-૨-૩ માંથી |

# ચિત્ર વર્ણન

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પ્રકૃતિ ચિત્રનું વર્ણન | શિક્ષક પ્રકૃતિનું વર્ણન કરશે. ડુંગર, વૃક્ષો, નદી, પર્વત, સૂર્ય, પંખી, વગેરેના વર્ણન દ્વારા બાળક સામે પ્રકૃતિનું ચિત્ર ખડું કરશે. | કુદરતી દૃશ્યનું ચિત્ર |
| ૨. | વાર્તા ચિત્રનું વર્ણન | શિક્ષક વાંદરો અને હાથીની વાર્તા આરોહ અવરોહ સાથે કહેશે સાથે વાર્તા ચિત્રનું વર્ણન કરશે. (વાંદરો અને હાથી જેવી અન્ય વાર્તાઓ શોધવી અને રજૂ કરવી) | ચિત્રવાર્તા ચાર્ટ |
| ૩. | ભગવાનના ચિત્રનું વર્ણન | શિક્ષક ભગવાન રામ જેવા કોઈપણ ભગવાનના ચિત્રનું વર્ણન કરશે જેમ કે રામ, ધનુષ્ય, પીતાંબર, તિલક, માળા વગેરે. | જુદા જુદા ભગવાનનાં ચિત્રો, પાઠ્યપુસ્તકમાં આપેલ ભગવાનનાં ચિત્રો |
| ૪. | અકસ્માતના ચિત્રનું વર્ણન | શિક્ષકે જોયેલા કે અનુભવેલા અકસ્માતનું વર્ણન બાળકો સમક્ષ કરશે. | સંદેશ, ગુજરાત સમાચારમાં આવતા અકસ્માતના ફોટોગ્રાફ્સ |
| ૫. | ધંધા રોજગારને લગતા ચિત્રનું વર્ણન | શિક્ષક વિવિધ કારીગરો અને વ્યવસાયકારો અને તે કેવી રીતે કામ કરે છે તેનું વર્ણન બાળકો સમક્ષ કરશે. | અખબારમાં આવતા દુકાનોના ફોટોગ્રાફ્સ કોઈ દુકાનના ઉદ્‌ઘાટનનો ફોટો વગેરેનું કટીંગ |

# સ્થળ વર્ણન

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ધાર્મિક સ્થળનું વર્ણન | શિક્ષક ગામમાં કે તેનાથી નજીક આવેલા ધાર્મિક સ્થળ (મંદિર, મસ્જિદ, ચર્ચ)નું બાળકો સમક્ષ વર્ણન કરશે. | જો ફોટોગ્રાફસ હોય તો બતાવવા. |
| ૨. | ફરવા જવાના સ્થળોનું વર્ણન | શિક્ષક પોતાના ગામ, તાલુકા કે નજીકના સ્થળ પર કઈ કઈ જગ્યાએ ફરવા જઈ શકાય તેનું વર્ણન બાળકો પાસે કરશે અને પ્રશ્નોત્તરી દ્વારા અન્ય સ્થળોની ચર્ચા વર્ગ સમક્ષ કરશે. | નજીકનાં સ્થળોના ફોટોગ્રાફસ |
| ૩. | ગામનું વર્ણન | શિક્ષક પોતાના ગામનું વર્ણન કરશે જેમાં જાહેર સંસ્થાઓ, મંદિર, વૃક્ષો, બગીચા, શેરીઓ તળાવ વગેરેનું વર્ણન બાળકો પાસે કરશે. | ગામનો નકશો |
| ૪ | કારીગરોની જગ્યાનું વર્ણન | શિક્ષક કારીગરો જેમ કે સુથાર, લુહાર વગેરે કઈ જગ્યાએ રહે, ત્યાં શું કરે, ક્યા ક્યા સાધનોનો ઉપયોગ કરે તેનું વર્ણન બાળકો પાસે કરશે. | કારીગરોનાં ચિત્રો ધો. ૩ - ૪ પર્યાવરણ પાઠ્યપુસ્તક |
| ૫. | સગા સંબંધીના ઘરનું વર્ણન | શિક્ષક બાળકો પાસે પ્રશ્નોત્તરી દ્વારા તેના સગા સંબંધી અને તેના ઘરનું વર્ણન કરાવશે. | ઘરનો ફોટોગ્રાફ અખબારમાં આવતા જાહેરાતોના ફોટાઓ. |

# લીન રહીએ

વૃક્ષારોપણ

શાળા સુશોભન

સફાઈ

પ્રાથમિક સારવાર

શિષ્ટાચાર

સેવાકીય પ્રવૃત્તિ

સર્જનાત્મકતા

શાળા ઉજવણીઓ

સ્વચ્છતા

વડીલોને મદદ

લી

# વૃક્ષારોપણ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ક્યારાની માવજત | શિક્ષક શાળામાં કયારો બનાવેલ હોય તેની કેવી રીતે માવજત કરવી તેની સમજ મેદાનમાં આપશે. | ખૂરપી, પાવડો |
| ૨. | પાણી સિંચન | કયારામાં છોડને પાણી કેમ પાવું ટપક સિંચાઈ પદ્ધતિથી કેમ છોડને પાણી અપાય તેની સમજ અને પ્રેકટીકલ શિક્ષક કરશે. | ગ્લુકોઝની ખાલી બોટલ, નળી, પાણીની નળી |
| ૩. | ઔષધ રોપા વાવવા | શિક્ષક ઔષધીય વનસ્પતિ જેમ કે તુલસી, બારમાસી, કુંવારપાઠું વગેરે કેમ વાવવા, ખાડો કરવો, ખાતર પાણી નાખવા વગેરે પ્રક્રિયા સમજાવી વાવશે. | ઔષધીય વનસ્પતિના છોડ |
| ૪. | કયારા બનાવવા | છોડ વાવ્યા બાદ છોડને ફરતે કયારો કેમ કરવો તેની સમજ શિક્ષક પ્રેકટીકલ કરીને આપશે. | ખૂરપી, પાવડો |
| ૫. | ખાતર નાખવું | છોડ વાવ્યા બાદ કયારો બનાવી ખાતર છોડની ફરતે કેમ નાખવું, કમ્પોઝ ખાતર કેમ તૈયાર કરવું વગેરે સમજાવશે. | |

# શાળા સુશોભન

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | તોરણ બાંધવાં | શિક્ષક રંગીન કાગળમાંથી તોરણ કેમ બનાવવું તે બાળકોને શીખવશે, ત્યારબાદ તે તોરણ વર્ગખંડ અંકે શાળામાં બંધાવશે. | રંગીન કાગળ, કાતર, દોરા, ગુંદર |
| ૨. | રંગોળી | વિવિધ માટીના નમૂનામાંથી, જુદા જુદા રંગોમાંથી, વિવિધ કપડાના રંગીન ટુકડામાંથી રંગોળી શિક્ષક બનાવશે અને બાળકોને માર્ગદર્શન આપશે. | રંગો (માટીવાળા રંગો)<br>કપડાના ટુકડા,<br>જુદા જુદા રંગની માટી, રેતી |
| ૩. | પરિસરમાં ફોટોગ્રાફ મૂકવા | શાળાના પરિસરમાં દેશ નેતાઓ, શહીદો, ભક્તો, સંતોના ફોટોગ્રાફ મૂકવા. | દેશનેતાઓ, શહીદો, સંતો, વૈજ્ઞાનિકોના ફોટાઓ, ખીલી, હથોડી |
| ૪. | પગ લૂછણિયાં મૂકવાં | ગુણિયામાંથી વિવિધ કટીંગ કરીને લૂછણિયાં બનાવવાં. સીંદરીમાંથી લૂછણિયાં બનાવવાં, સુતરડીમાંથી લૂછણિયાં બનાવવાં, સુતરડીમાંથી કટીંગ કરીને લૂછણિયાં બનાવી વર્ગખંડ બહાર મૂકવાં. | વેસ્ટ ગુણિયું<br>સીંદરી<br>સુતરડી |
| ૫. | શાળા બુલેટીન બોર્ડ | વિદ્યાર્થીઓએ બનાવેલ ચિત્ર કે અખબારના ફોટોગ્રાફ કટીંગ પ્રવૃત્તિના ફોટોગ્રાફ વગેરે શાળાના બુલેટીન બોર્ડ પર બાળકો પાસે લગાડાવવા. | અખબારના ફોટોગ્રાફ, પ્રવૃત્તિના ફોટોગ્રાફ |

# સફાઈ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પાણીની પરબની ચોખ્ખાઈ | શાળામાં પાણીના નળ અને તેની આજુબાજુ કચરાની સફાઈ શિક્ષક બાળકો પાસે કરાવશે અને શિક્ષક જાતે પણ કરશે. | સાવરણો |
| ૨. | મેદાનમાંથી પથ્થર વીણવા | શાળામાં ઘનકચરો, મોટા પથ્થર, નાના પથ્થર વગેરેની સફાઈ શિક્ષક જાતે કરીને બાળકોને માર્ગદર્શન આપશે. ટુકડી પાડીને સફાઈ કરાવશે. | સાવરણો, ટોકર |
| ૩. | ફર્નિચર સફાઈ | શિક્ષક વર્ગખંડમાં ફર્નિચરની સફાઈ કરાવશે. ટેબલ, ડ્રોઅર ફલેનલબોર્ડ વગેરે | રૂમાલ |
| ૪. | કચરાપેટીનો ઉપયોગ | વર્ગખંડમાં જે કંઈ કાગળ કે પ્લાસ્ટિકનો કચરો થયો હોય તે કચરાપેટીમાં જ મૂકવો. કચરાપેટીમાંનો કચરો પણ બહાર ખાડામાં મૂકવા માટે પણ ગ્રૂપ પાડીને પ્રવૃત્તિ કરાવવી. | |
| ૫. | ખાડા પૂરવા | મેદાનમાં નાના-મોટા ખાડા રેતીથી કે માટીથી શિક્ષકે જાતે પૂરવા અને બાળકોને માર્ગદર્શન આપી ટુકડી પાડીને પ્રવૃત્તિ કરાવવી. | પાવડો, તગારી |

# પ્રાથમિક સારવાર

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | વિવિધ લાગણીની સમજ | શિક્ષક બાળક-બાળકની લાગણી કેવી હોય, કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેની સમજ આપશે. | |
| ૨. | સારવારની સમજ | શિક્ષક સારવાર એટલે શું, તે કેવી રીતે અપાય તેની ચર્ચા નિદર્શન દ્વારા કરશે. | |
| ૩. | પ્રાથમિક સારવાર પેટીની ઓળખ | શિક્ષક પ્રાથમિક સારવાર પેટી શું છે તેમાં કઈ કઈ વસ્તુ હોય તેની ઓળખ આપશે. | પ્રાથમિક સારવાર પેટી<br>ધોરણ - ૪<br>પાઠ્યપુસ્તક |
| ૪. | પ્રાથમિક સારવાર પેટીનો ઉપયોગ | શિક્ષક વિદ્યાર્થીઓને ગ્રૂપ પાડીને સારવાર પેટીનો કઈ રીતે ઉપયોગ કરવો તે બતાવશે. | પ્રાથમિક સારવાર પેટી<br>ધોરણ - ૪<br>પર્યાવરણ<br>પાઠ્યપુસ્તક |
| ૫. | મિત્રને મદદ | કોઈ બાળકને અકસ્માતે ક્યાંક વાગી ગયું તો તેને કઈ રીતે સારવાર આપવી, પાટો કઈ રીતે બાંધવો, મલમ કેમ લગાડવો. | |

# શિષ્ટાચાર

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | માનવાચક શબ્દથી સંબોધન | બાળક બીજા બાળકને પૂરા નામથી બોલાવે તેના પિતાનું નામ કે અટક પણ પૂરી બોલે તેવી સમજ અને ઉપયોગ અંગે બાળકોને સમજાવશે તથા શિક્ષક જાતે વર્ગમાં પણ એ રીતે વર્તશે. | |
| ૨. | ખોયા પાયા | શાળામાં કોઈપણ વ્યક્તિની કોઈપણ વસ્તુ ખોવાય અને જે બાળકને મળે તે ખોયાપાયાના બોક્ષમાં મૂકે તેવું વાતાવરણ શિક્ષકે તૈયાર કરવું. | |
| ૩. | લાઈનમાં રહેવું-ચાલવું | પ્રાર્થના, રીશેષ, મધ્યાહન ભોજન માટે જમવા જવું વગેરે તથા જે તે જગ્યાએ કેમ બેસવું, કેમ ચાલવું વગેરે વાતાવરણ શિક્ષક નિર્માણ કરશે. | |
| ૪. | પ્રાર્થનામાં શિષ્ટાચાર | પ્રાર્થનામાં આડી-ઊભી હરોળમાં બેસવું આંખ બંધ, જ્ઞાનમુદ્રા, શિક્ષક નામ બોલે ત્યારે ઊભા થવું, લાઈનસર વર્ગખંડમાં જવું જેવી પ્રવૃત્તિ શિક્ષક કરાવશે. | |
| ૫. | શાળાની મિલકતને નુકશાન ન કરવું | શાળાની મિલકત જેમ કે બગીચો, વર્ગખંડ સામગ્રી, બારી બારણાં, કલર, ટ્યુબલાઈટ, બોર્ડ, પાણીના નળ વગેરે જેવી વસ્તુને નુકશાન ન કરાય. જાહેર મિલકત વિશે બાળકોને અવગત કરવા વાતાવરણ તૈયાર કરવું. | |

# સેવાકીય પ્રવૃત્તિ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પક્ષી પરબ | વિદ્યાર્થી શાળામાં પક્ષી પરબના કૂંડામાં નિયમિત પાણી રેડે અને પોતાના ઘરે પણ પોતાના કુટુંબીજનોની મદદથી પક્ષી પરબ બનાવે તે સમજ પૂરી પાડવી. | શાળાનું પાણીનું કૂંડું, ફૂટેલું વાસણ |
| ૨. | પક્ષી ચણ | શાળામાં અક્ષયપાત્રમાં એકત્ર થયેલ દાણા-ચણ ચબૂતરામાં નાખે અને અક્ષયપાત્ર માટે દાણા લાવે તેવી સમજ કેળવવી | અનાજના દાણા |
| ૩. | મદદ | શાળામાં મિત્રને મદદ, શેરીમાં અપંગ, અંધ, અશક્તને મદદ, પ્રાણીઓ પ્રત્યે દયાદૃષ્ટિ રાખે  તેવાં કાર્યની ફરજ સોંપવી. વિદ્યાર્થી આવું કાર્ય કરે તેની જાહેરમાં નોંધ લેવી. | |
| ૪. | કૂતરાને રોટલો | પોતાના ઘરે વિદ્યાર્થી કુટુંબીજનોની મદદ વડે શેરીના કૂતરાને રોટલાનું બટકું નિયમિત નાખે તેવી સમજ આપવી. | |
| ૫. | નાસ્તો સાથે ખાવો | શાળામાં અન્ય વિદ્યાર્થીઓ સાથે વિદ્યાર્થી પોતાનો નાસ્તો પરસ્પર વહેંચીને ખાય તે માટે યોગ્ય સમજ આપવી. | પોતાનો નાસ્તો |

# સર્જનાત્મકતા

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | કાગળના ઘૂઘરા, ફરકડી | રંગીન કાગળ અને પૂંઠાની મદદથી ઘૂઘરો બનાવી, વાંસની લાકડી સાથે ગુંદરથી ચોંટાડી ઘૂઘરો બનાવવો. રંગીન કાગળમાંથી ફરકડી બનાવવી. | રંગીન કાગળ, પૂંઠું, ગુંદર, લાકડી (સળી) |
| ૨. | પૂંઠામાંથી ઘર બનાવવું | પૂંઠાનો ઉપયોગ કરી જુદી જુદી જાતનાં છતવાળાં, નળિયાવાળાં ઘર બનાવી રંગીન કાગળ ચોટાડવા. | રંગીન કાગળ, પૂંઠાં, ગુંદર, કાતર |
| ૩. | પતંગ બનાવવો | રંગીન કાગળ, સડી, ગુંદર, કાતરનો ઉપયોગ કરીને વિવિધ ડિઝાઈનના પતંગ બનાવવા. | રંગીન કાગળ, સળી, ગુંદર, કાતર |
| ૪. | કાગળની ટોપી, ધજા બનાવવી | રંગીન કાગળ કે સફેદ કાગળનો ઉપયોગ કરીને ટોપી, ધજા તેમજ તેવી જુદી જુદી કાગળની વસ્તુઓ બનાવવી. | રંગીન-સફેદ કાગળ, ગુંદર, સળી, કાતર |
| ૫. | માટીના મણકા બનાવવા, માળા બનાવવી | માટીમાંથી નાના તથા મોટા મણકા બનાવવા તે માટીમાં કલર નાખીને રંગીન બનાવી શકાય. માળાના મણકા બનાવી તથા દોરા પૂરીને માળા બનાવવી. | માટી, દોરા, રંગ |

# શાળા ઉજવણીઓ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | સ્વાતંત્ર્યદિનની ઉજવણી | શિક્ષકે વિદ્યાર્થીને આ ઉજવણી માટે એને વય અને રુચિને ધ્યાને લઈ કાર્ય સોંપવું. | |
| ૨. | પ્રજાસત્તાક દિનની ઉજવણી | શિક્ષકે વિદ્યાર્થીને આ ઉજવણી માટે એને વય અને રુચિને ધ્યાને લઈ કાર્ય સોંપવું. | |
| ૩. | ગાંધી સપ્તાહની ઉજવણી | શિક્ષકે વિદ્યાર્થીને આ સપ્તાહ દરમ્યાન ગાંધીકથાના પ્રસંગો કહેવા તથા જીવનભર સત્ય અને અહિંસાના સદ્‌ગુણો વિકસે તેવા નિયમોના પાલનની સમજ આપવી. | શાળા પુસ્તકાલય, ગાંધીજીની આત્મકથા, ગાંધીજીનો અક્ષર દેહ, ગાંધીજીના પત્રો |
| ૪. | નવરાત્રિ મહોત્સવ | શિક્ષકે નવરાત્રિ દરમ્યાન વિદ્યાર્થી પોતાના કુટુંબ સાથે વિદ્યાર્થી વિવિધ સ્થળોની મુલાકાત લઈને તેમાંથી ધાર્મિક બાબતોનો બોધ લે તેવી સમજ આપવી. | |
| ૫. | હોળી ઉત્સવ | શાળામાં શિક્ષકે બાળકો સમૂહમાં હોળી રમે તેવું આયોજન કરવું. | વિવિધ રંગો |

# સ્વચ્છતા

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પાણીયારાની સ્વચ્છતા | વિદ્યાર્થી ઘરના પાણીયારાની તથા પીવાના સાધનોની સ્વચ્છતાની કાળજી રાખે તેવી સમજ આપવી. | |
| ૨. | પાણીની ટાંકીની સ્વચ્છતા | વિદ્યાર્થી ઘરના રોજિંદા વપરાશના પાણીની ટાંકીની સ્વચ્છતા અંગે સભાનતા કેળવે તેવી સમજ આપવી. | |
| ૩. | રસોડાની સ્વચ્છતા | વિદ્યાર્થી ઘરમાં માતાને રસોઈનાં સાધનો તથા કોઠારની સફાઈમાં મદદ કરે તેવી સમજ આપવી. | |
| ૪. | ચીજવસ્તુઓની સ્વચ્છતા | વિદ્યાર્થી ઘરનું ફર્નિચર અને અન્ય ચીજવસ્તુની સ્વચ્છતા અંગેની કાળજી કેળવે તેવી સમજ આપવી. | |
| ૫. | બગીચાની સ્વચ્છતા | વિદ્યાર્થી પોતાના ઘરના બગીચા તથા બાગબાનીના કૂંડાની કાળજી રાખે તેવી સમજ આપવી. | |

# વડીલોને મદદ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ચીજવસ્તુમાં મદદ | શિક્ષકે બાળકને ઘરના વડીલોને ચીજ વસ્તુઓ જેવી કે વર્તમાનપત્ર, ચશ્મા, પાણી, દવા વગેરે લાવી આપવા મદદ કરે તેવી શિખામણ આપવી. | |
| ૨. | ધાર્મિક સ્થળે જવામાં મદદ | બાળકો વડીલોને ધાર્મિક સ્થળોએ લઈ જવા - લાવવામાં મદદ કરે તેવી સમજ શિક્ષકે આપવી. | |
| ૩. | રસ્તે જતાં મદદ | વડીલોને રસ્તો ઓળંગવામાં, રસ્તો બતાવવામાં વગેરે બાબતોમાં બાળક મદદ કરે તેવી સમજ શિક્ષકે આપવી. | |
| ૪. | અંધ - અશકતને મદદ | અંધ-અશંક્તને રસ્તે દોરી જવા, ચીજવસ્તુઓ લાવી આપવામાં બાળક મદદ કરે તેવી સમજ આપવી. | |
| ૫. | રોજિંદી ક્રિયામાં મદદ | ઘરમાં વડીલો રોજિંદી ક્રિયામાં જે મદદ ઈચ્છતા હોય ત્યાં બાળક મદદ કરે તેવી સમજ આપવી જેવી કે સમયસર ખાવા આપવું, ટી.વી. ચાલુ કરી આપવું. હવા-ઉજાસની જગ્યાએ લઈ જવા વગેરે. | |

# પી છાણીએ

સ્પર્શ

સ્વાદ

ગંધ

પ્રદર્શન

વર્ગીકરણ

સરખામણી

નિરીક્ષણ

પઝલ

મુલાકાત

પર્યટન / ઉજાણી

પી

# સ્પર્શ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ઠંડુ-ગરમ | શિક્ષક ઠંડી અને ગરમ વસ્તુઓને સ્પર્શ કરાવીને ઠંડુ અને ગરમની પ્રતીતિ કરાવશે. (નોંધ : કોઈપણ વસ્તુ વધારે ગરમ પસંદ કરવી નહીં) | - સૂર્યપ્રકાશમાં તપેલો લોખંડનો સળિયો<br>- છાયડામાં રાખેલો લોખંડનો સળિયો<br>- ગરમ અને ઠંડુ પાણી |
| ૨. | કઠણ-નરમ | - શિક્ષક રબર અને લાકડાને સ્પર્શ કરાવશે<br>- તેવી જ રીતે રૂ અને લોખંડનો ટુકડો કે સળિયાને દબાવવાનું કહેશે, વર્ગખંડમાં રૂ કે રબરવાળુ ડસ્ટર અને ચોકને દબાવવાનું કહેશે. | - રબર, લાકડું<br>- રૂ, લોખંડનો ટુકડો<br>- ડસ્ટર (રૂ કે રબરવાળું), ચોક |
| ૩. | લીલું - સૂકું | - શાળાબાગમાં રહેલ વૃક્ષ અને ખુરશી કે ટેબલ બાળકને દેખાડીને કયું લીલું છે, અને કયું સૂકું છે. તેની પ્રશ્નોત્તરી કરવી<br>- લીલું ઘાસ અને સૂકુંઘાસ અને લીલુ કપડું અને સૂકું કપડું બતાવવું | - શાળા બાગ અને ટેબલ - ખુરશી<br>- લીલુંઘાસ અને સૂકુંઘાસ<br>- લીલું અને સૂકું કાપડ |
| ૪. | લીસુ-ખરબચડું | - શાળાની દિવાલ અને ભોંયતળિયે (લાદીવાળું) બાળકને હાથ ફેરવવાનું કહેવું<br>- કાચ અને વૃક્ષની છાલ ઉપર બાળકને હાથ ફેરવવાનું જણાવવું<br>- તપેલીની અંદરના ભાગ અને બહારના તળિયાના ભાગ ઉપર બાળકને આંગળી ફેરવવા કહેવું | - કાચ (ટેબલ કે દર્પણનો કાચ) અને શાળાનું કોઈપણ એક વૃક્ષ<br>- મ.ભો.યો. અથવા શાળા ભંડારની કોઈ એક રોજ ઉપયોગમાં લેવાતી તપેલી |
| ૫. | આકાર | - શાળામાં ટેબલ, કેરમનું બોર્ડ, ચોપડીની ચારે બાજુએ બાળકને આંગળી ફેરવવાનું કહેવું અને પછી પ્રશ્નોત્તરી કરવી<br>- ખંજરી, થાળી, ઢોલક ફરતે આંગળી ફેરવવી<br>- કંપાસ પેટીમાં રહેલા કોણ માપક અને કાટખૂણિયાને ફરતી બાજુએ આંગળી ફેરવવી | - ટેબલ, કેરમનું બોર્ડ, ચોપડી<br>- ખંજરી, થાળી, વાટકી, ઢોલક<br>- કંપાસ પેટીમાંથી કોણમાપક અને કાટખૂણિયો |

# સ્વાદ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ખારું | એક ગ્લાસમાં પાણી ભરીને સહેજ મીઠું નાંખીને બાળકને ચાખવાનું કહેવું. | મીઠું, ગ્લાસ, પાણી |
| ૨. | ખાટું | બે-ત્રણ લીંબુના ચાર-પાંચ ટુકડા કરીને અથવા વધારે બાળકો હોય તો લીંબુ નીચોવીને તેના રસને ચાખવાનું કહેવું. | લીંબુ અને ચપ્પુ |
| ૩. | ગળ્યું | ગોળ, ખાંડ અથવા ચોકલેટ બાળકને આપી તેના સ્વાદ વિશે પ્રશ્નોત્તરી કરવી. | ગોળના ટુકડા અથવા ખાંડ અથવા ચોકલેટ |
| ૪. | તીખું | સીંગભજિયાંના દાણા, તીખી વેફર, સેવ, તીખી દાળના દાણા બાળકને ચાખવા માટે આપી પ્રશ્નોતરી કરવી. | સીંગભજિયાં, વેફર, સેવ, દાળ (આ તમામમાંથી કોઈ એકની પસંદગી કરવી) |
| ૫. | કડવું | લીમડાનાં પાન બાળકોને આપીને ચાખવાનું કહેવું. | લીમડાની ડાળ |

# ગંધ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ધૂપસળી | શિક્ષકે વર્ગખંડમાં ચાર-પાંચ સુંગધીદાર ધૂપસળીઓ સળગાવીને લગાવવી. થોડા સમય બાદ ધૂપસળીની સુંગધ વિશે પ્રશ્નોત્તરી કરવી. | ધૂપસળી નંગ-૫, દિવાસળીની પેટી |
| ૨. | લસણ | લસણને ફોલીને તેને મસળવું કે પછી ચગળવુ પછી પ્રશ્નોત્તરી કરવી. | લસણ |
| ૩. | ડુંગળી | ડુંગળી કાપીને તેનુ સુગંધ વિશે પ્રશ્નોતરી કરવી. | ડુંગળી |
| ૪. | ફૂલ | શાળાબાગમાંથી વિવિધ ફૂલોની સુગંધ લેવા માટે બાળકોને લઈ જવાં, બાદમાં પ્રશ્નોત્તરી કરવી. | શાળા બાગ |
| ૫. | કેરોસીન | હાથ ઉપર સહેજ કેરોસીન લગાવીને બાળકને સુંઘાડવું. | કેરોસીન |

# પ્રદર્શન

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | કઠોળના નમૂના | શિક્ષક એક કાગળ ઉપર કે પૂંઠા ઉપર બાળકો પાસે વિવિધ કઠોળના નમૂના નાની પોલીથીન કોથળીમાં ભરીને લગાવવાનું કહેશે. | પૂંઠુ, ગુંદર અને વિવિધ કઠોળ |
| ૨. | અનાજના નમૂના | અલગ - અલગ અનાજ (બાજરી, ઘઉં, મકાઈ, કે પછી જે તે વિસ્તારનું ધાન્ય)ના દાણા પોલીથીનની કોથળીમાં ભરીને બાળકોને પૂંઠા કે કાગળ ઉપર લગાવાનું કહેવું. | પૂંઠુ, ગુંદર અને વિવિધ અનાજના દાણા |
| ૩. | તેલીબિયાંના નમૂના | વિવિધ તેલીબિયાં (મગફળી, તલ, સોયાબીન, કે પછી જે તે વિસ્તારનાં તેલીબિયા)ના દાણાના નમૂના પોલીથીનની કોથળીમાં ભરીને કાગળ, કે પૂંઠા ઉપર લગાવવા | પૂંઠુ, ગુંદર અને તેલીબિયાંના દાણા |
| ૪. | ફૂલો | શાળા બાગમાંથી વિવિધ ફૂલો અથવા પોતાના ગામ / શહેરમાંથી બાળકો વિવિધ પ્રકારનાં ફૂલો (સ્થાનિક પર્યાવરણમાં થતાં ફૂલો) વીણીને લાવશે અને તેની ફૂલદાની ગોઠવશે. | વિવિધ ફૂલો |
| ૫. | વિવિધ આકારમાં વિવિધ રંગનાં કપડાં | એક કાગળ કે પૂંઠા ઉપર વિવિધ આકારો બનાવીને તેના ઉપર અલગ-અલગ રંગનાં કાપડ ચોંટાડીને સંગ્રહ બનાવવો. | કાગળ કે પૂંઠુ, ગુંદર, વિવિધ રંગનાં કપડા |

# વર્ગીકરણ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | અનાજ / કઠોળ / તેલીબિયાં | શિક્ષક એક વાટકામાં અનાજ, કઠોળ અને તેલીબિયાંના દાણા ભેગા કરીને બાળકને આપશે ત્યારબાદ બાળકને અનાજ, કઠોળ અને તેલીબિયાં અલગ-અલગ તારવવાનું કહેશે. | વાટકો કે કપ નંગ-૪, અનાજ, કઠોળ, અને તેલીબિયાંના દાણા (અંદાજે - ૫૦ ગ્રામ) |
| ૨. | રંગો | વિવિધ રંગના છીંટપેપર કે ઘૂંટેલા કાગળના ચોરસ ટુકડા ભેગા કરીને શિક્ષક બાળકને આપશે બાદમાં બાળકો જે તે રંગના ખાનામાં જેતે કલરના ટુકડા મૂકવાનું જણાવે. | છીંટપેપર કે ઘૂંટેલા કાગળનાં ચોરસ ટુકડા |
| ૩. | આકારો | થર્મોકોલમાંથી ચોરસ, લંબચોરસ, ત્રિકોણ અને ગોળ આકારના દસ-દસ નમૂના બનાવીને એક ખોખામાં એકત્ર કરીને બાળકને આપો. બાદમાં ચાર ખોખાંમાં આકાર પ્રમાણે અલગ અલગ ગોઠવે. | થર્મોકોલ, ખોખાં-ચાર નંગ |
| ૪. | ફળ-ફૂલ-શાકભાજી | વિવિધ ફળ, ફૂલ અને શાકભાજીનાં ચિત્રોનાં કાર્ડ (અંદાજે દસ-દસ) એક ખોખામાં એકત્ર કરીને બાળકોને ફળ, ફૂલ અને શાકભાજીનાં કાર્ડ અલગ તારવવાનું કહો. | ફળ, ફૂલ, શાકભાજીનાં દસ-દસ કાર્ડ |
| ૫. | પશુ-પક્ષી-જીવજંતુ | પશુ-પંખી અને જીવ-જંતુનાં ચિત્રોનાં કાર્ડ (અંદાજે દસ-દસ નંગ) એક ખોખામાં એકત્ર કરીને બાળકને પશુ, પંખી અને શાકભાજીનાં કાર્ડ અલગ તારવવાનું કહો. | પશુ, પંખી અને જીવજંતુનાં દસ-દસ કાર્ડ |

# સરખામણી

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | જાડુ-પાતળું | - થર્મોકોલનો જાડો અને પાતળો ટુકડો દર્શાવીને પ્રશ્નોત્તરી કરવી.<br>- વર્ગમાંથી એક જાડો એક પાતળો છોકરો ઊભો કરીને જાડા-પાતળાનો ખ્યાલ આપવો.<br>- એક ટુકડો જાડી દોરીનો લેવો અને એક ટુકડો પાતળી દોરીનો લેવો, પછી જાડા પાતળા વિશે પ્રશ્નોત્તરી કરવી. | - થર્મોકોલની જાડી અને પાતળી સીટ<br>- જાડી-પાતળી દોરીના ટુકડા |
| ૨. | ઓછું-વધારે | - ટેબલ ઉપર રેતીના એક મોટા અને એક નાનો ઢગલો કરીને ઓછું-વધારેનો ખ્યાલ આપો.<br>- પાણીના બે ગ્લાસમાં વધારે-ઓછું પાણી ભરીને બતાવો.<br>- બોક્સમાંના ખોખામાં વધારે અને ઓછું ભરીને બતાવો. | - રેતી<br>- ગ્લાસ અને પાણી<br>- બાક્સના ખોખા (બે નંગ) |
| ૩. | લાંબું - ટૂંકું | - એક લાંબું અને એક ટૂંકું દોરડું. બાળક પાસે હાથથી માપન કરાવો.<br>- કાગળમાંથી કે કાર્ડ પેપરમાંથી લાંબી અને ટૂંકી પટ્ટીઓ કાપીને બાળકોને આપો. | - દોરડું<br>- કાર્ડ પેપર |
| ૪. | ઊંચું-નીચું | - જગ અને ગ્લાસ ટેબલ ઉપર મૂકીને બતાવો.<br>- ડબો અને શીશો (અથવા માટલી અને પ્યાલું) ટેબલ ઉપર મૂકીને બતાવો.<br>- શાળાબાગનું ઝાડ અને એક તેની પાસે હોય તેવો છોડ બતાવો. | - જગ અને ગ્લાસ<br>- માટલું અને પ્યાલુ |
| ૫. | નજીક - દૂર | - શાળાની નજીકમાં રહેલું ઝાડ અને દૂર રહેલુ ઝાડ બતાવો.<br>- શાળામાં આવેલા ઝાડ ઉપરનું પક્ષી અને દૂર ઝાડ ઉપર કે આકાશમાં ઊડતું પક્ષી બતાવો.<br>- આકાશમાં ઊડતું વિમાન અને શાળાના મેદાનની કોઈ વસ્તુ બતાવવી. | |

# નિરીક્ષણ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | રહેઠાણ | - બાળકોને ગામ / શહેરનાં વિવિધ રહેઠાણો જેવાં કે બંગલો, ઝૂંપડી, પતરાંવાળું ઘર, એકમાળનું ઘર વગેરે રહેઠાણો કેવાં હોય તેના પ્રશ્નો પૂછવા.<br>- વિવિધ પ્રકારનાં રહેઠાણોનાં ચિત્રો દર્શાવી પ્રશ્નોત્તરી કરવી. | વિવિધ પ્રકારનાં રહેઠાણોનાં ચિત્રો |
| ૨. | માળા | - પંખીઓના માળાઓનાં ચિત્રો દર્શાવવાં બની શકે તો શાળામાં કે તેની આસપાસ પંખીના માળા હોય તો બાળકોને બતાવવા. | પંખીઓના માળાઓનાં ચિત્રો |
| ૩. | પર્ણ | - શાળા બાગમાં રહેલાં વૃક્ષો અથવા આસપાસના વિસ્તારમાં રહેલાં વૃક્ષોનાં પર્ણનું નિરીક્ષણ કરાવવું. | |
| ૪. | વ્યવસાયકારો અને તેમના ઓજારો | - શાળાની આસપાસ રહેલા વ્યવસાયકારોની મુલાકાત કરાવવી અથવા તો વિવિધ વ્યવસાયકારોનાં ચિત્રો બતાવીને તેના વિષયક માહિતી આપવી. | વ્યવસાયકારોનાં ચિત્રો |
| ૫. | પશુ-પક્ષીના પગની છાપ, છાણ, અઘાર વગેરે | - શાળાના મેદાનમાં, શાળાની બહાર, તળાવ, નદી કિનારે પંખીઘરમાં, કે મંદિરમાં પંખીઓના પગની છાપનું નિરીક્ષણ કરાવો, તેની અઘાર, તેનાં પીંછા વગેરેનું નિરીક્ષણ કરાવો. | |

# પઝલ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પ્રાણી | પ્રાણી ( ગાય, ભેંસ, ઘોડો, હાથી, સિંહ, વાઘ)ની પઝલ ખોલી દઈને બાળકને ફરીથી ગોઠવવા આપવી. | પ્રાણી ( ગાય, ભેંસ, ઘોડો, હાથી, સિંહ, વાઘ)ની પઝલ |
| ૨. | પક્ષી | પક્ષી (મોર, કબૂતર, કાગડો, બતક)ની પઝલ ખોલી દઈને બાળકને ફરીથી ગોઠવવા આપવી. | પક્ષી (મોર, કબૂતર, કાગડો, બતક)ની પઝલ |
| ૩. | ફૂલ | ફૂલ (બારમાસી, કરણ, જાસૂદ, કમળ, ચંપો)ની પઝલ ખોલી દઈને ફરીથી ગોઠવવા આપવી. | ફૂલો (બારમાસી, કરણ, જાસૂદ, કમળ, ચંપો)ની પઝલ |
| ૪. | ફળો | ફળો (સફરજન, સીતાફળ, કેરી, કેળું)ની પઝલ ખોલી દઈને બાળકને ફરીથી ગોઠવવા આપવી. | ફળો (સફરજન, સીતાફળ, કેરી, કેળું)ની પઝલ્સ |
| ૫. | શરીરનાં અંગોની ગોઠવણી | શરીરનાં અંગોની પઝલ ખોલી દઈને બાળકોને ફરીથી ગોઠવવા આપવી. | શરીરનાં અંગોની પઝલ |

# મુલાકાત

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ધાર્મિક સ્થળો | ગામ / શહેરનાં ધાર્મિક સ્થળોની મુલાકાતે બાળકોને લઈ જવાં અને ત્યાં કેવી રીતે વર્તન કરવું જોઈએ તેનું બાળકોને નિરીક્ષણ કરાવો, બાદમાં તેના વિશે સવાલ-જવાબ કરો. | |
| ૨. | બાગ-બગીચા | શાળાનો બાગ અથવા ગામનો / શહેરનો બાગ બગીચાની મુલાકાત કરાવો અને તેનાં વિવિધ વૃક્ષો, છોડનો પરિચય કરાવો. | |
| ૩. | જાહેર સુવિધા | ગામ / શહેરની જાહેર સુવિધાના સ્થળોની મુલાકાત કરાવો કે (બસસ્ટેશન, દૂધમંડળી, ગ્રામપંચાયત, શાળા, બેંક ટપાલઘર) પછી તે સ્થળો વિશે પ્રશ્નોત્તરી કરો. | |
| ૪. | ખેતર | શાળા પાસેના કોઈ ખેતર (ફાર્મ)ની મુલાકાત ગોઠવો, તેમાં ઊગેલા પાકો વિશે માહિતી આપો. | |
| ૫. | જળસ્રોત્ર | વિવિધ જળસ્રોત નદી, તળાવ, ઝરણું, બંધ, કૂવો વગેરેની મુલાકાત સાવચેતીપૂર્વક ગોઠવો. | |

# પર્યટન / ઉજાણી

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ગામ/શહેરનાં સ્થાપત્યોની મુલાકાત | ગામ/શહેરમાં આવેલ કોઈપણ સ્થાપત્યની મુલાકાતે બાળકોને લઈ જવાં અને તેના વિશે સામાન્ય જાણકારી આપવી | |
| ૨. | વન ભોજન | શાળાથી નજીકમાં આવેલા વન (જંગલ), ખેતર, ગોચર, નદી કિનારો જેવા ખુલ્લા વાતાવરણમાં બાળકોને લઈ જવાં, વન ભોજન કરવું અને સાદી રમતો રમવી. | |
| ૩ | તાલુકા / જિલ્લા મથકની મુલાકાત | શાળાની નજીકમાં આવેલા તાલુકા કે જિલ્લા મથકની મુલાકાત શક્ય હોય તો યોજવી. આમ ના થઈ શકે તો બાળક તેના વાલી સાથે તાલુકા કે જિલ્લામથકે ગયો હોય તો તેના આધારિત પ્રશ્નોત્તરી કરવી. શક્ય હોય તો આ બાબતે વાલી સાથે મુલાકાત કરવી. | |
| ૪. | કાલ્પનિક પ્રવાસ | બાળક તેના વાલી સાથે અવાર-નવાર બહારના સ્થળે જતો હોય છે. આ પૂર્વજ્ઞાનના આધારે વર્ગમાં કાલ્પનિક પ્રવાસનું આયોજન કરો. કાલ્પનિક પ્રવાસનું મોક કરો ત્યારે શક્ય હોય તેટલાં ચિત્રો મેળવીને બાળકોને બતાવો. કાલ્પનિક પ્રવાસનું વર્ણન તાદૃશ્ય રીતે કરવું. | કાલ્પનિક પ્રવાસના વર્ણન મુજબનાં ચિત્રો |
| ૫. | શૈક્ષણિક પ્રવાસ | શાળામાં વર્ષમાં એક વખતે એક દિવસનો શૈક્ષણિક પ્રવાસ ગોઠવો. નાના બાળકોને જોવાં ગમે તેવાં સ્થળો જેવાં કે પ્રાણીસંગ્રહાલય, રાષ્ટ્રીય ઉદ્યાનો, સંગ્રહાલયો વગેરેની મુલાકાતો ગોઠવવી. | |

# ના ટક-નાટક

જોડકણાં

વાર્તા

અભિનય ગીત

ગીત

ઉખાણાં

અભિનય

વક્તૃત્વ

સંવાદ

ના

વેશભૂષા

બાલ નાટક

# જોડકણાં

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પ્રાણીઓનાં જોડકણાં | શિક્ષકે પ્રાણીઓ આધારિત વિવિધ જોડકણાં શાળા પુસ્તકાલયમાંથી મેળવીને બાળકોને ગવડાવવાં | પ્રાણીઓનાં જોડકણાંનો સંગ્રહ |
| ૨. | પક્ષીઓનાં જોડકણાં | શિક્ષકે પક્ષીઓ આધારિત વિવિધ જોડકણાં મેળવીને બાળકોને ગવડાવવાં | વૃક્ષોનાં જોડકણાંનો સંગ્રહ |
| ૩. | વૃક્ષનાં જોડકણાં | શિક્ષકે વૃક્ષોને આધારિત હોય તેવાં જોડકણાં મેળવીને બાળકોને ગવડાવવાં | વૃક્ષોનાં જોડકણાંનો સંગ્રહ |
| ૪. | ઋતુઓનાં જોડકણાં | ઋતુઓ આધારિત જોડકણાં હોય તે શિક્ષકે મેળવીને બાળકોને ગવડાવવાં | ઋતુઓનાં જોડકણાં |
| ૫. | વ્યવસાયકારોનાં જોડકણાં | વ્યવસાયકારો આધારિત જોડકણાં એકત્ર કરીને બાળકોને ગવડાવવાં | વ્યવસાયકારોનાં જોડકણાં |

# વાર્તા

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પક્ષીઓની વાર્તા | પક્ષીઓ આધારિત વાર્તાઓ એકત્ર કરીને બાળકોને (સચિત્ર હોય તો સારું) કહેવી જેવી કે તરસ્યો કાગડો, આનંદી કાગડો. | શાળા લાયબ્રેરીમાંની વાર્તાઓની ચોપડી |
| ૨. | પ્રાણીઓની વાર્તા | પ્રાણીઓ આધારિત વાર્તાઓ એકત્ર કરીને બાળકોને કહેવી. (મળે તો સચિત્ર પસંદ કરવી) જેવી કે કાગડો અને શિયાળ, સિંહ અને સસલું | પ્રાણીઓની વાર્તાનો સંગ્રહ |
| ૩. | ડોશીમાની વાર્તા | જે વાર્તામાં ડોશીમા આવતાં હોય તેવી વાર્તા એકત્ર કરીને બાળકોને કહેવી જેવી કે ડોશીમાનું તૂંબડું. | ગીજુભાઈ બધેકાની વાર્તાઓ |
| ૪. | ઈસપની બોધકથાઓ | ઈસપની બોધકથાઓમાંથી વાર્તાઓ બાળકોને સંભળાવવી જેવી કે સાબરનાં શીંગડા | ઈસપની બોધ કથાઓ |
| ૫. | પંચતંત્રની વાર્તાઓ | પંચતંત્રમાં આપેલ વાર્તાઓ બાળકોને કહેવી. | પંચતંત્ર |

# અભિનય ગીત

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પક્ષીઓનાં અભિનય ગીત | પક્ષીઓની ક્રિયાઓ વર્ણવતાં અભિનય ગીતો મેળવીને બાળકોને અભિનય સાથે ગવડાવવાં જેવાં કે આવોને ચકલાં... આવો... પારેવાં... | ''અભિનય-બાળ ગીત સંગ્રહ'' |
| ૨. | પ્રાણીઓનાં અભિનય ગીત | પ્રાણીઓના આવાજ કે તેમની ક્રિયાઓ વર્ણવતાં અભિનય ગીત એકત્ર કરીને બાળકોને અભિનય સાથે ગવડાવવાં જેમ કે હું.... ને.... પોપટલાલ, હાથીભાઈ જાડા. | ''અભિનય-બાળ ગીત સંગ્રહ'' |
| ૩. | વૃક્ષોનાં અભિનય ગીત | વૃક્ષનુ વર્ણન કરતાં અભિનય ગીત એકત્ર કરીને બાળકોને ગવડાવવા જેવા કે વડ દાદાની લાંબી દાઢી | ''અભિનય-બાળ ગીત સંગ્રહ'' |
| ૪. | વિવિધ સ્થળો, ઓજારોનાં અભિનય ગીત | વિવિધ સ્થળો (રસોડું, ઘર, માળો અને ઓજારોનાં અભિનયગીતો ગવડાવવાં જેવાં કે, ૧) આ અમારું ઘર છે... ૨) આ દાતરડું કેવુ છે... | ''અભિનય-બાળ ગીત સંગ્રહ'' |
| ૫. | વ્યવસાયકારોનાં અભિનય ગીત | આપણી રોજબરોજની ઘટનાઓ આધારિત અને વિવિધ વ્યવસાયકારોના કામકાજનું વર્ણન કરતાં અભિનયગીતો એકત્ર કરીને ગવડાવવાં જેવાં કે, ૧) કાંગ લેવા ગ્યાતાં રે ગોરી કાંગ લ્યો, ૨) ઘોડાગાડીમાં બેસો મારાં માડી | ''અભિનય-બાળ ગીત સંગ્રહ'' |

# ગીત

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ક્રીડાગીતો | જે ગીતોમાં રમત-ગમતની વાત આવતી હોય તેવાં ગીતો બાળકોને સંભાળવાં અને ગવડાવવાં જેવાં કે ચાલોને રમીએ હોડી... હોડી.... | બાળગીત સંગ્રહ |
| ૨. | ઋતુગીતો | જે બાળગીતોમાં ઋતુઓનું વર્ણન થતું હોય તેવાં ગીતો બાળકોને ગવડાવવાં જેવા કે<br>૧) આવ્યો શિયાળો ઠંડી લઈને...<br>૨) આવો મેઘરાજા.... | બાળગીત સંગ્રહ |
| ૩. | જીવન વ્યહવારનાં ગીતો | જીવન વ્યવહારની રોજબરોજની ઘટનાઓ આધારિત બાળગીતો એકત્ર કરીને બાળકોને ગવડાવવાં જેવા કે ૧) આ દાતરડું કેવું<br>૨) પપ્પાજીએ રંગ બે રંગી | બાળગીત સંગ્રહ |
| ૪. | માનવ (કૌટુંબિક) સબંધોનાં ગીતો | કુટુંબનાં સભ્યોને સંબોધીને જે ગીતો ગવાતાં હોય તેવા બાળગીતો બાળકોને ગવડાવવાં. જેવાં કે ૧) સપનાની વાત મારા સપનાની વાત<br>૨) મારા ઘેર આવજે બેની | બાળગીત સંગ્રહ |
| ૫. | સાદાં બાળગીતો | સાદાં ગાઈ શકાય તેવાં બાળગીતો બાળકોને ગવડાવવાં. બાદમાં બાળકો જાતે ગાય તેવો પ્રયત્ન કરવો. | બાળગીત સંગ્રહ |

# ઉખાણાં

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પ્રાણીઓનાં ઉખાણાં | પ્રાણીઓ આધારિત ઉખાણાં એકત્ર કરીને બાળકોને સંભળાવવાં | ઉખાણાં સંગ્રહપોથી |
| ૨. | પક્ષીઓનાં ઉખાણાં | પક્ષીઓ આધારિત ઉખાણાં એકત્ર કરીને બાળકોને કહેવાં | ઉખાણાં સંગ્રહપોથી |
| ૩. | વૃક્ષોનાં ઉખાણાં | વૃક્ષોની ઓળખ આપતાં ઉખાણાં એકત્ર કરીને બાળકોને કહેવાં | ઉખાણાં સંગ્રહપોથી |
| ૪. | વિવિધ ઓજારોનાં ઉખાણા | વિવિધ ઓજારોની ઓળખાણ આપતાં ઉખાણાં બાળકોને કહેવાં | ઉખાણાં સંગ્રહપોથી |
| ૫. | વ્યવસાયકારોનાં ઉખાણાં | વ્યવસાયકારોના વ્યવસાયને લગતાં કેટલાંક ઉખાણાં એકત્ર કરીને બાળકોને કહેવા | ઉખાણાં સંગ્રહપોથી |

# અભિનય

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પ્રાણીઓનો અભિનય | પ્રાણીઓના ચાલવાનો, ખાવાનો, બોલવાનો વગેરે અભિનય કરાવવો | |
| ૨. | પક્ષીઓના અવાજનો અભિનય | વિવિધ પક્ષીઓનો અવાજ કાઢવો અને ઊડવાનો અભિનય કરવો | |
| ૩. | વિવિધ ચીજો ખાવાનો અભિનય | ખાવાની વિવિધ વાનગીઓ કેવી રીતે ખાઈ શકાય તેનો અભિનય કરવો | |
| ૪. | આપણા સેવકોનો અભિનય | આપણા સેવકો જેવા કે ટપાલી, પોલીસ, ડ્રાઈવર, શિક્ષક, ન્યાયધીશની કામગીરીનો અભિનય કેવી રીતે કરી શકાય તે શીખવવું | |
| ૫. | તાલની સાથે વિવિધ અભિનય | તાલની સાથે ખાવાનો, ભમરડો ફેરવવાનો, કપડાં ધોવાનો, રમત વગેરે અભિનય કરવો. | |

# વક્તૃત્વ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | સ્વ પરિચય | વર્ગમાં બાળક પોતાનો પરિચય આપે. પરિચયમાં પોતાનું નામ, પિતાનું નામ અને ગામનું નામ બોલે તો પણ ચાલે | |
| ૨. | એક-બીજાની ઓળખ (મિત્રોની) | બાળક પોતાની સાથે પોતાના મિત્રોનો પરિચય આપે અથવા બાળકને રમત રમાડો કે તમારી પાસે બેઠેલા મિત્રોને પૂછીને તેમનો પરિચય આપો. | |
| ૩. | કુટુંબનાં સભ્યોનો પરિચય | બાળક પોતાના કુટંબનાં સભ્યોનો પરિચય પોતાની રીતે આપશે. | |
| ૪. | ચિત્ર પરથી વાર્તા કથન | અમર ચિત્ર કથા જેવા પુસ્તકોના સહારે કે પછી અન્ય ચાર્ટના આધારે બાળક પાસે ચિત્ર પ્રમાણે વાર્તાનું વર્ણન કરવાનું કહેવું. | અમર ચિત્રકથા |
| ૫. | વાર્તાકથન | બાળક પાસે તેને જે વાર્તા આવડતી હોય તે વાર્તાનું કથન કરાવો | |

# સંવાદ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | મને શું ગમે ? | વર્ગનાં બાળકોને વારાફરતી પૂછો કે તને શું ગમે છે ? આ સંવાદ થતી વખતે બીજાં બાળકો આ બાળકને સાંભળે તેવી વ્યવસ્થા કરવી. | |
| ૨. | મને શું ન ગમે ? | બે-ત્રણ બાળકોને ઊભા કરીને તેને શું શું નથી ગમતું તેના વિશે પ્રશ્નોત્તરી કરો. | |
| ૩. | જાતે શું થવું ગમે ? | બાળકને શું થવું છે. તેના વિશે તેની ભાષામાં બોલાવો, મોટા થયા પછી તું શું બનીશ ? શા માટે ? તે પણ બોલાવો. | |
| ૪. | પૂછપરછ | શાળામાં આવતા વ્યક્તિઓ સાથે નાનાં બાળકોને પૂછપરછ કરાવો.<br>શાળા નજીક આવેલા જાહેર સ્થળે બાળકોને લઈ જઈને સામાન્ય પ્રશ્નોત્તરી કરાવો. | |
| ૫. | સ્થાનિક વ્યક્તિ સાથે સંવાદ | ગામની સ્થાનિક વ્યક્તિ સાથે બાળકોને વાતચીત કરાવો. કોઈ એક વિષયના અનુસંધાને સ્થાનિક વ્યક્તિ સાથે પ્રશ્નોત્તરી કરાવો. | |

# વેશભૂષા

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | પક્ષીઓની વેશભૂષા | વિવિધ પક્ષીઓની વેશભૂષા પહેરીને તેનો અવાજ કાઢો બાદમાં બાળકોને આ મહોરાં પહેરાવો | પક્ષીઓનાં મહોરાં |
| ૨. | પ્રાણીઓની વેશભૂષા | જુદાં જુદાં પ્રાણીઓનાં મહોરાં પહેરીને બાળકોને તે પ્રાણીઓનો અવાજ કાઢવાનું અથવા  ચાલવાનું કહો. | પ્રાણીઓનાં મહોરાં |
| ૩. | વ્યવસાયકારોની વેશભૂષા | વિવિધ વ્યવસાયકારોનો પોશાક પહેરીને બાળકો વ્યવસાયકારના વ્યવસાયનો અભિનય કરશે. | વિવિધ વ્યવસાયકારોનો પોશાક |
| ૪. | ગામના સેવકોની વેશભૂષા | ગામના સેવકોનો પોશાક પહેરીને બાળક ગામના સેવકની પ્રવૃત્તિનો અભિનય કરશે | ગામના સેવકોનો પોશાક |
| ૫. | દેશનેતા કે પ્રિય પાત્રોની વેશભૂષા | બાળકને દેશ નેતા, ધાર્મિક પુરુષો, કે પછી તેમને ગમતું પ્રિયપાત્ર (ક્રિકેટર, અભિનેતા, અન્ય ખેલાડી)નો પોશાક પહેરાવો | પાત્ર પ્રમાણે પોશાક |

# બાલ નાટક

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | મૂક અભિનય | બાળકોને એક-એક વાક્યોના સંવાદ અભિનય સાથે કરાવો જેમ કે ગોવળિયો ગાયો કેવી રીતે ચારે. | |
| ૨. | સંવાદ વર્ણન | બાળકોને બે-બેના જૂથમાં ઊભા રાખીને નાનકડો સંવાદો બોલાવો જેવા કે<br>૧) ટપાલી ટપાલ આપવા આવે ત્યારે શું બોલે ?<br>૨) બસ કંટક્ટર ટિકિટ આપતી વખતે શું બોલે ? | |
| ૩. | વાર્તાનું નાટકમાં રૂપાંતર | વર્ગમાં કોઈ નાનકડી વાર્તાનું નાટ્યમાં રૂપાંતર કરીને બાળકો પાસે તેનો અભિનય કરાવો. | |
| ૪. | પપેટ શો રૂપાંતર | પક્ષીઓ અને પ્રાણીઓના પપેટ બનાવી કોઈ એક નાનકડા પ્રસંગને રજૂ કરતો સંવાદ બોલાવો જેમ કે કાબર અને કાગડાની ખેતરવાળી વાર્તા | |
| ૫. | બાલ નાટક | એક નાનકડું નાટક (લગભગ તો વાર્તા) બનાવી બાળકોને તેના સંવાદ બોલતા શીખવો. બાદમાં તેને નાટક તરીકે રજૂ કરો | |

# રાગ રાગીણી

સ્થાનિક રમતો
સાદી રમતો

યોગ
કસરત

તાલની રમતો
રીલે (સ્પર્ધાત્મક રમતો)

બૌદ્ધિક રમતો
કોયડા ઉકેલ

સાધનિક રમતો
નૃત્ય

રા

# સ્થાનિક રમતો

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ઈંડા ચોર | આ પ્રવૃત્તિમાં સરવાળાની નિશાની થાય તેવા લીટા મેદાનમાં પાડવા. વચ્ચે થાળી બનાવવી. દાવ લેનાર થાળીમાં ઊભો રહે તેમાં ચાર ઈંડા પડેલાં હોય. ઈંડા કાગળના બનાવી શકાય. દાવ લેનાર ચાર ખાનામાં ઊભેલા ખેલાડી રાઉન્ડમાં ફરશે ત્યારે તે પકડવા જશે. દાવ લેનાર વચ્ચેની + લીટી પર જ ચાલશે વચ્ચે પકડાઈ જાય તો ફાઉલ ગણાશે. છેલ્લે એક જ ખાનામાં ચાર ઈંડાં મૂકવાં અને ચારે વ્યક્તિએ ભેગા થવું. | કાગડનાં ઈંડા |
| ૨. | સંતાકૂકડી | એક દાવ લેનાર બાળક, મોઢું સંતાડીને અંક બોલે, જ્યારે બીજાં બાળકો ગમે તે જગ્યાએ સંતાઈ જાય. દાવ લેનાર બાળક જેને જોઈ જાય તે ફાઉલ ગણાય અને તેના પર દાવ આવે. | |
| ૩. | (ઈતે ઈતે પાણી) આટલે - આટલે પાણી | દાવ લેનાર કહેશે. કેટલે કેટલે પાણી. રાઉન્ડમાં ઊભેલા બાળકો બોલશે અને હાથથી બતાવશે પગ, ઘૂંટણ, પેટ, છાતી આટલે આટલે પાણી આ રીતે શરીરના અંગો બતાવીને રમત રમશે. | |
| ૪. | લખોટી | બાળક લખોટી એકઠી કરીને મેદાનમાં વર્તુળમાં ગોઠવશે અને એક લખોટી દ્વારા વારાફરતી વર્તુળની લખોટી કાઢશે તેના જેવી બીજી પ્રવૃત્તિ પણ કરાવવી. | લખોટી |
| ૫. | દોરડા કૂદ | વર્ગના બધાં જ બાળકો જોડાય તેવી રીતે દોરડા કૂદની પ્રવૃત્તિ કરવી. જેમાં બે બાળકો દોરડાને ફેરવતા હોય અને એક બાળક કૂદતો હોય બીજી પ્રવૃત્તિ એક જ બાળક હાથમાં દોરડો પકડીને કાઉન્ટમાં કૂદતો હોય તેવી પ્રવૃત્તિ કરાવવી. | દોરડા |

# સાદી રમતો

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | હાથીભાઈની સૂંઢ | એક બાળક જમણા હાથને સૂંઢ બનાવશે અને ડાબા હાથથી કાન પકડીને દાવ લેશે અને અન્ય બાળકોને પકડવા જશે. જે પકડાઈ જાય તેના ઉપર દાવ આવશે. | |
| ૨. | કાબર કાગડો | મેદાનમાં ત્રણ લીટી પાડવી. વચ્ચેની લીટી પર એક કાગડાનું જૂથ અને બીજું કાબરનું જૂથ ઊભુ રહેશે જ્યારે શિક્ષક કા.... બર એમ બોલશે ત્યારે કાબરવાળા પોતાની સામેની લીટી તરફ દોડશે અને કાગડાવાળા પકડવા જશે સામેની લીટી પર જે પહોંચી જશે નહીં અને વચ્ચે પકડાઈ જશે તે ફાઉલ ગણાશે. | |
| ૩. | રંગ રે રંગ | શિક્ષક રંગનું નામ બોલશે અને જે રંગનું નામ બોલે તેવા જૂથમાં બાળકો ભેગા થઈ જશે. જે જૂથની બહાર રહી જશે તે ફાઉલ ગણાશે. | |
| ૪. | કેટલા રે કેટલા ! | દાવ લેનાર બોલશે, કેટલા રે કેટલા તો સામેના રાઉન્ડમાં ઊભેલા બાળકો બોલશે, તમે કહો એટલા, ત્યારબાદ જે સંખ્યા દાવ લેનાર બોલે તેટલા સંખ્યાનાં જૂથ પડશે અને જે બાકી રહે તે વચ્ચેના ચંદામાં બેસશે. | |
| ૫. | દેડકા દોડ | બાળકોનાં જૂથ પાડીને દસ-દસ બાળકોને દેડકાં બનાવીને દોડ કરાવવી. બાળકો સામેની લીટીને અડીને પાછા આવે તેમાં પહેલો કોણ ? તેને સામેના બાળકો કાગળનું ગુલાબ બનાવીને આપે. | કાગળનો ગુલાબ<br>રંગીન કાગળ |

# યોગ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ધ્યાન | બાળકોને પ્રથમ સુખાસનમાં બેસાડી, બન્ને હાથ ઢીંચણ ઉપર રાખીને આંખ બંધ કરાવીને ધ્યાન તરફ લઈ જવા | |
| ૨. | શાંતિની રમત | બાળકો બોલ્યા વગર સુખાસનમાં બેઠા હશે. (મૌનધ્યાન) ત્યારે આજુ બાજુ થતા અવાજો સાંભળશે. મૌન ધ્યાન બાદ બાળકો સાથે તેમણે શું સાંભળ્યુ તેના ઉપર પ્રશ્નોત્તરી કરો. | |
| ૩. | ૐકાર | બાળકોને સુખાસનમાં બેસાડીને ‘ૐકાર’ બોલવવા. | |
| ૪. | પ્રાણાયામ | બાળકોને ધ્યાનમાં બેસાડીને શરૂઆતમાં લાંબા શ્વાસ ખેંચાવવા અને છોડાવવા. બાદમાં ડાબી નાસિકા ઉપર આંગળી રાખી જમણી નાસિકાથી શ્વાસ ખેંચવો, પછી જમણી નાસિકા ઉપર આંગણી રાખી ડાબી નાસિકાથી શ્વાસ ખેંચાવશું. | |
| ૫. | શવાસન | બાળકને ચત્તો સુવાડી (આકાશ તરફ મોં રાખી ને) શવાસન કરાવવું. | |

# કસરત

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | હાથ અને ખભાની કસરત | બાળકને સુખાસનમાં બેસાડીને હાથ આગળ-પાછળ અને ઉપર-નીચે કરાવો. બાળકોના ખભાને ક્લોક અને એન્ટીક્લોક રીતે ફેરવો. | |
| ૨. | આંખોનું પરિભ્રમણ | બાળકોને આંખોનું પરિભ્રમણ કરાવો અને (એન્ટીક્લોકની રીતે) આંખોને ઉપર નીચે, આજુબાજુ ભ્રમણ કરાવો. | |
| ૩. | પગની કસરત | બાળકના પગને ધ્રુજારી અપાવો. પગને આગળ-પાછળ ઉપર-નીચે કરાવો. | |
| ૪. | કાંડાની કસરત | હાથના કાંડાને ક્લોક અને એન્ટીક્લોક રીતે ફેરવો. | |
| ૫. | કમરની કસરત | બાળકને ટટ્ટાર ઊભા રાખીને કમરને ક્લોક અને એન્ટીક્લોકની રીતે ફેરવો. કમરથી આગળ અને પાછળ બની શકે તેટલા વાળો. | |

# તાલની રમત

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | હાથતાળી તાલ | શિક્ષક વિદ્યાર્થીને વિવિધ તાલીઓ તાલમાં પાડતા શિખવશે ઉદા. સાદી તાળી, રોટલા તાળી, લાડુ તાળી | |
| ૨. | સંગીત તાલ | સંગીતનાં સાધનો સાથે વિદ્યાર્થીને તાલ અપાવીને વિવિધ અભિનય કરાવશે. ઉદા. ડીંગો, કૂદકો, લટકો, વિશેષ હાવભાવ, વિવિધ લાગણી | સંગીતનું ઉપલબ્ધ વાદ્ય |
| ૩. | તાલ દ્વારા વ્યવસાયકારોની ઓળખ | તાલ સાથે વિદ્યાર્થીઓને વિવિધ વ્યવસાયકારોની ક્રિયા દ્વારા ઓળખ કરાવી તેના કાર્યનો અભિનય શિખવશે. | |
| ૪. | લાકડી દાવ તાલ | વિદ્યાર્થીને લાકડીના વિવિધ ઉપયોગ, લાકડી સાથે અંગભંગિમા સમજાવશે. | લાકડી |
| ૫. | ક્રિયાતાલ | વિદ્યાર્થીની શાળા તથા ઘરની રોજિંદી ક્રિયાઓને તાલમાં શિખવશે. | |

# રીલે (સ્પર્ધાત્મક રમતો)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | લીંબુ ચમચી | બાળકોને જૂથ પાડીને લીંબુ ચમચીની રમત રમાડો | લીંબુ અને ચમચી |
| ૨. | સિક્કા શોધ | બાળકોને જૂથ પાડીને સિક્કા શોધની રમત રમાડો. આ રમત રમાડો ત્યારે બાળકોની આંખમાં લોટ જાય નહિ તેની સાવધાની રાખવી. | લોટ અને સિક્કા |
| ૩. | દડા પસાર રીલે | એક લાઈનમાં પાંચ-છ બાળકોને ઊભાં રાખવાં. આવી બાળકોની નિયત સંખ્યામાં લાઈન બનાવવી. પ્રથમ હરોળમાં રહેલા બાળકોને હાથમાં દડો આપો. પછી ઓર્ડર આપો એટલે પ્રથમ હરોળના બાળકો પોતાની પાસેનો દડો તેના પછીના બાળકને બે પગ વચ્ચેથી પસાર કરીને આપશે સાથે પહેલા દડો છેલ્લા બાળક પાસે કઈ ટીમ પહોચે છે તે નોંધશે. | દડા (સંખ્યાના પ્રમાણમાં) |
| ૪. | રીંગ પસાર રીલે | સરખાં જૂથ પાડીને બાળકોને ગોળ રીંગ અથવા દોરડીની રીંગ બનાવી જૂથમાં એક સાથે બે બાળકોને બોલાવી રીંગમાથી શરીરને પસાર કરવાનું જણાવવું. કયું જૂથ આ પ્રવૃત્તિ વહેલી કરે છે તે જુઓ. | દોરી અથવા રીંગ |
| ૫. | ધજા રોપણ રીલે | આ રમત રમાડતી વખતે ધારો કે એક વર્ગમાં ૩૦ બાળકો છે. તો પાંચ જૂથ બનાવવાં, બાદમાં પાંચ લાઈન બનાવી સરખા અંતરે દરેક લાઈનમાં ધૂળની ઢગલી કરવી. દરેક લાઈનની સામે જૂથ લાઈનમાં ઊભા રહેશે. ઓર્ડર આવશે એટલે એક વિદ્યાર્થી દોડીને લાઈનમાં ધજા રોપશે. બીજો વિદ્યાર્થી તેને પાડી દેશે. આમ રમત આગળ વધશે. | કાગળની ધજા |

# બૌદ્ધિક રમતો

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | શોધી બતાવો | વર્ગખંડની ચોક્કસ રંગ, કદ, આકારની વસ્તુઓ વિદ્યાર્થીને પૂછતાં તરત જ દર્શાવે તેવી સમજ આપવી. | વર્ગમાંની ચીજ વસ્તુઓ |
| ૨. | કહો / બતાવો | શિક્ષક વિદ્યાર્થીને કેટલાક પ્રશ્નો પૂછીને તેની વિચારક્રિયાને સક્રિય કરશે. ઉદા. ડોલ કેટલી ચમચીથી ભરાશે ? | સૂચના મુજબ સ્થાનિક વસ્તુઓ |
| ૩. | કરી બતાવો | શિક્ષક વિદ્યાર્થીને પડકારરૂપ બાબતો કરવા માટે કહેશે. ઉદા. - વસ્તુનું સ્થળાંતર કેટલીવારમાં કરી બતાવશો ? - બધાં જ બિસ્કીટ કેટલવારમાં ટૂકડાં થઈ શકશે? - બધા ફુગ્ગાઓ ફુલાવી તોરણ બનાવો. | સૂચના મુજબ સહાયક સામગ્રી ઉપલબ્ધ કરાવવી. |
| ૪. | આકાર, રંગ ગોઠવણી | પૂંઠાના વિવિધ આકાર, રંગનાં ચિત્રોની ગોઠવણ વિદ્યાર્થીને કરવા કહેશે. વિદ્યાર્થી જે તે આકારની વસ્તુ, રંગની વસ્તુ યોગ્ય જગ્યાએ મૂકશે. | વર્ગની સ્થાનિક સામગ્રી, પૂંઠાના આકારો, ટેનગ્રામ |
| ૫. | ખજાના શોધ | વર્ગમાં સંતાડેલી વસ્તુ શોધવા શિક્ષક એક માહિતી આપશે. આ માહિતીના આધારે વિદ્યાર્થી જે - તે વસ્તુને શોધી બતાવશે. | વર્ગની સ્થાયી સામગ્રી |

# કોયડા ઉકેલ

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | અંક કોયડો | શિક્ષક વિદ્યાર્થીને અંકકાર્ડના સરવાળા, બાદબાકી, ગુણાકાર જેવી પ્રક્રિયાને લગતા પ્રશ્નો આપી તેનો જવાબ અંક કાર્ડની મદદથી મેળવશે. | અંક કાર્ડ્ઝ |
| ૨. | શબ્દ કોયડો | આડા-અવળા ક્રમમાં આપલા શબ્દોની ગોઠવણી, મૂળાક્ષર કાર્ડનું સ્થાન ફેરવી યોગ્ય શબ્દ બનાવશે. [ત] [ત] [ર] [ત] [ર] [ત] | મૂળાક્ષર કાર્ડ્ઝ |
| ૩. | ચિત્ર કોયડો | શિક્ષક અધૂરા ચિત્રના ભાગોમાં વિવિધ ચિત્રોના કટિંગ્સ મૂકી તે ચિત્રને અર્થપૂર્ણ બનાવડાવશે. પૂર્ણ થયેલા ચિત્ર વિશે વિદ્યાર્થી સાથે પ્રશ્નોતરી કરશે. | ચિત્રના કટિંગ્સ |
| ૪. | ચીજવસ્તુનો કોયડો | શિક્ષક વિદ્યાર્થીને ચીજવસ્તુનો ઉપયોગ દર્શાવીને જે તે ચીજવસ્તુ કઈ છે તેની ઓળખ કરાવવાનું કહેશે. ઉ.દા. સ્લેટમાં લખી શકાય છે, સફેદ રંગનું શું છે ? | સ્થાનિક ઉપલબ્ધ સામગ્રી |
| ૫. | ગણન કોયડો | શિક્ષક, વિદ્યાર્થીને શાળા પરિસરનાં પગથિયાં, બારી, બારણાં, સળિયા, સ્ટોપર, ટેબલ, કબાટની સંખ્યા પૂછશે. વિદ્યાર્થીના ઘરની ચીજ-વસ્તુઓની વિગત મેળવવી. | સ્થાયી સામગ્રી |

# સાધનિક રમતો

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | સંગીત ખુરશી | વર્ગનાં બાળકોની સંખ્યામાં જૂથ પાડીને સંગીત ખુરશીની રમત રમાડો. | ખંજરી, ખુરશી (સંખ્યાના પ્રમાણમાં) |
| ૨. | દડાફેંક | વર્ગના તમામ બાળકોને વારાફરતી દડો ફેંકાવવાની રમત રમાડો. | દડો |
| ૩. | સાતોડિયું | બાળકોને દડો વાગે નહીં તે રીતે સાતોડિયાની રમત રમાડો. | લાકડાના ચોરસ ટુકડા, દડો |
| ૪. | ગિલ્લીદંડો | બાળકોનાં બે જૂથ પાડીને ગિલ્લીદંડાની રમત રમાડવી. | ગિલ્લી અને દંડો |
| ૫. | મારદડી | બાળકોને વર્તુળમાં ઊભા રાખીને વચ્ચે બે બાળકો રાખી તેને હળવી રીતે દડો મારો. (વૉલીબોલ) જે બાળકને દડો અડી જાય તે બાળક આઉટ ગણાશે. | વોલીબોલ |

# નૃત્ય

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ વર્ણન | ઉપયોગી સામગ્રી |
|---|---|---|---|
| ૧. | ગાયનનૃત્ય | વિદ્યાર્થી સંગીતની નોટમાંથી ગાયન સાથે નૃત્ય શીખે. અહીં માત્ર બાલગીતો જ નથી પરંતુ અન્ય ગીતો પણ છે. વિદ્યાર્થી માત્ર અભિનય નૃત્ય કરે તો પણ ચલાવવું. | |
| ૨. | વાદ્યનૃત્ય | માત્ર સંગીતના તાલ પર વિદ્યાર્થી નૃત્ય કરે તે સમજ આપવી. શિક્ષક વાદ્યના જાણકાર ના હોય તો વર્ગની ઉપલબ્ધ સામગ્રીના ધ્વનિથી પણ વાદ્ય નૃત્ય કરાવશે. | સંગીતનું વાદ્ય |
| ૩. | સંગીતનૃત્ય | માત્ર મ્યુઝિક (સંગીત)ની કેસેટ પર નૃત્ય કરે તે માટે મહાવરો અને સમય આપવો. આ સંગીત કેસેટમાં માત્ર સંગીત જ હશે. | ઓડિયો સી.ડી. |
| ૪. | કેસેટનૃત્ય | સામાજિક ઉત્થાનનાં ફિલ્મી ગીતો, સંસ્કારવર્ધક, દેશભક્તિને સંવર્ધિત કરતાં ફિલ્મગીતોની ઓડિયો કેસેટનું નિર્દેશન કરી તે મુજબ વિદ્યાર્થી નૃત્ય કરતાં શીખે તેવો મહાવરો કરાવવો. | ઓડિયો સી.ડી/ડી.વી.ડી. |
| ૫. | પ્રાદેશિકનૃત્ય | ગુજરાતનાં વિવિધ પ્રાદેશિક નૃત્યોની વિડિયો ફિલ્મ વિદ્યાર્થીને દર્શાવી, વિદ્યાર્થીઓ સમૂહમાં નૃત્ય થીમ રજૂ કરે તે માટે મહાવરો પૂરો પાડવો. | વી.સી.ડી./ટી.વી. કાર્યક્રમો. |

આ સાહિત્ય સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫માં
વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસિફિકેશન નીચે મુજબ છે.

અંદરના ૯૨ પેજ ૧૩૦-જીએસએમ મેટ આર્ટ પેપર ૪+૪ કલર પ્રિન્ટીંગ,
કવર પેજ ૧૩૦-જીએસએમ મેટ આર્ટ પેપર ૪ કલર પ્રિન્ટીંગ, બેલારપુર પેપર મીલ
મેટ લેમિનેશન, ૧૦૦-જીએસએમ મેપલીથો અસ્તર, બેલારપુર પેપર મીલ
કેસ ટાઈપ હાર્ડ બાઈન્ડીંગ સેકસન સિલાઈ સાથે, બુક સાઈઝ : ૮.૫'' x ૧૧''

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે